# આલોચના

લેખક

શાંતિલાલ સાઠંબાકર

# આલોચના

લેખક
પ્રયોજક
**શાન્તિલાલ મગનલાલ સાઠંબાકર**
જૈનનગર, અમદાવાદ.



આર્ષદષ્ટા સ્વ. પ.પૂ. દાદા જગજીવનદાસ ભગનલાલ શાહ
તથા
સ્નેહમૂર્તિ સ્વ. પ.પૂ. દાદી ઈચ્છાબેન જગજીવનદાસ શાહ



અધ્યાત્મવિદ્ સ્વ. પ.પૂ. દાદાશ્રી શાંતિલાલ ભગનલાલ સાઠંબાકર
તથા
સેવામૂર્તિ દાદી ચંદ્રાબેન શાંતિલાલ સાઠંબાકર

સૌથી પહેલું તીર્થ તે માતા.

**- શ્રી મહાવીર ચરિત્ર**

ત્રણ લોકમાં માતા સમાન કોઈ મોટો ગુરૂ નથી.

**- ધર્મપુરાણ**

જે માતાને પ્રસન્ન કરે છે તે આખી પૃથ્વીને પ્રસન્ન કરે છે.

**- મહાભારત**


માનવજાતિના હોઠ પરનો સૌથી સુંદર શબ્દ છે મા; અને સહુથી સુંદર સાદ કોઈ હોય તો તે સાદ છે, 'મારી મા'.

એ એક એવો શબ્દ છે, જે આશા અને પ્રેમથી ભરેલો છે, એક મધુર અને માયાળુ શબ્દ, જે હૃદયના ઊંડાણમાંથી આવે છે.

મા સઘળું છે. શોકમાં તે આપણું આશ્વાસન છે. દુ:ખમાં તે આપણી આશા છે, દુર્બળતામાં તે આપણી શક્તિ છે. તે પ્રેમ કરૂણા, સહાનુભૂતિ અને ક્ષમાશીલતાનો ઝરો છે.

મા, જે સઘળાં અસ્તિત્વોનું પ્રારંભિક રૂપ છે, તે અનંત આત્મા છે, સૌંદર્ય અને પ્રેમથી પૂર્ણ.

**- ખલિલ જિબ્રાન**



અમારા પ.પૂ. સ્વ. પિતાશ્રી **ડૉ. વાડીભાઈ જે. શાહ** એક અત્યંત સફળ ડૉક્ટર હોવા ઉપરાંત જીવનના સર્વાંગી વિકાસને વરેલા બહુમુખી પ્રતિભા સંપન્ન વ્યક્તિ હતાં. રોટરી ક્લબ, ભરૂચના પ્રેસિડેન્ટ, સાહિત્યકુંજનાં પ્રમુખ એવા અમારા પિતાશ્રીએ અમારા જીવનના સર્વાંગી વિકાસમાં દરેક ક્ષેત્રે માર્ગદર્શન પૂરું પાડ્યું, અમને સાહિત્ય, સંગીત અને કળાની તાલીમ આપી. વૈયાવચ્ચ એ તેમનો જીવનમંત્ર હતો. બધા જ ધર્મના સંતોની તેમને જીવનભર નિસ્વાર્થભાવે સેવા કરી. ભરૂચના સંઘે તેમની સેવા બિરદાવી ગોલ્ડ મેડલ આપ્યો હતો. વધુ અભ્યાસ માટે ૩૬ વર્ષની ઉંમરે પરદેશ ભણવા ગયા તે તેમની ધગશ દર્શાવે છે. સાઉથ ગુજરાત યુનિવર્સિટીમાં વર્ષો સુધી નિર્ણાયક જજ તરીકેની સેવા આપી હતી. જિંદગીના અંતિમ ૧૨ વર્ષોમાં સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ રોજ ૮ કલાક જ્ઞાનસાધના કરી. શાંતસુધારસ, ઉપમિતિ ભવપ્રપંચા, આગમો જેવા જૈન ગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. વળી ભગવદ્‌ગીતા ઉપરના ૧૭થી વધુ ટીકાના ગ્રંથો વાંચ્યા હતાં. આવા વિદ્વાન, કલામર્મજ્ઞ, ગરીબોના બેલી, દયાળુ, પ્રેમાળ પિતાના સંતાનો હોવાનું અમે ગૌરવ અનુભવીએ છીએ.

સેવા સમર્પણ, ત્યાગ અને વાત્સલ્યની મૂર્તિ એવી માતા કે જેમણે અમને સંસ્કાર આપ્યા અને ધર્મમાં પ્રવૃત્ત કર્યા. રત્નકુક્ષી સમાન માતાએ વડીલોની ખૂબ જ સહૃદયતાથી સેવા કરી હતી. પોતાની જાતને કુટુંબ સાથે એકરૂપ કરી દીધી હતી. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં - શિક્ષણ, ધર્મ, ઈતર પ્રવૃત્તિઓમાં અમારી સાથે રહી અનેરી કોઠાસૂઝથી પ્રેરણા અને પ્રોત્સાહન આપતી રહી. અમને ચારેય જણને તેના હેત-વહાલનો સતત અનુભવ થતો, સાથે સાથે તેના પરિચયમાં આવનાર પ્રત્યેકને તેની કાળજીભરી હૂંફનો અનુભવ થતો. આવી તીર્થ સમાન માના ચરણમાં કોટિ કોટિ વંદન. સાચા અર્થમાં અમને લાગે છે કે 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ.'

આવા અત્યંત વિચક્ષણ-વિદ્વાન પિતા તથા સેવા સમર્પણની અનન્ય મૂર્તિ સમાન માતાના ચરણોમાં શ્રદ્ધાસુમન અર્પતા અમે ચારેય કોટિ કોટિ વંદન કરીએ છીએ.

**લિ.**

| | |
|---|---|
| અજય વાડીલાલ શાહ | અ.સૌ. રશ્મિબેન મુકેશભાઈ શાહ |
| ડૉ. સુધીર વાડીલાલ શાહ | હિતેશ વાડીલાલ શાહ |

**પ્રકાશક**
**ડૉ. સુધીરભાઈ શાહ**
**ન્યૂરોલૉજી સેન્ટર**
૨૦૬-૭-૮, સંગીની કૉમ્પલેક્સ,
પરિમલ રેલવે ક્રોસિંગ પાસે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૪૬૭૦૫૨

વિ.સં. ૨૦૬૯ શ્રાવણ
પ્રત : ૫૦૦

**મુદ્રણ સંસ્કાર**
મુદ્રેશ પુરોહિત
**સૂર્યા ઑફસેટ**
આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૫૮. ફોન : (02717) 231112
E-mail : suryapress@gmail.com
Alochna.p65

# પ્રસ્તાવના

આથમતા દિવસે જેઓ વિજળીના દિવાઓથી ઝગમગતી કલબોના માર્ગે જાય છે, મન અને નયનને વાસનાઓના વિષ-પાન કરાવી બેહાલ–બેહોશ બનાવનારાં સિનેમા તરફ જેઓ દોડે છે.... કે કોઇ સત્તાદિવાના પ્રધાનની જાહેર સભામાં શોભાની અભિવૃદ્ધિ કરવા જેઓ ચાલ્યા જાય છે, અથવા રંગબેરંગી રોશની અને લીલીછમ હરિયાળીથી મનને હરી લેનારા બાગબગીચાઓમાં બે ઘડી ટહેલીને દિલને બહેકાવવા જેઓ નિકળી પડે છે.... તેમને 'પ્રતિક્રમણ'નું મહત્ત્વ કેવી રીતે સમજાવવું ? તેમને 'આલોચના'ના આનંદની અનુભૂતિ કેવી રીતે કરાવવી ?

ઉષાકાળની કોમળતા... પ્રસન્નતા અને પવિત્રતામાં થતા એ પ્રાભાતિક પ્રતિક્રમણનો આનંદ તમે અનુભવ્યો છે ? એ પ્રતિક્રમણમાં 'વંદિત્તુ' બોલતી વખતે 'આલોચના'થી ગદ્‌ગદ્ બની ઉષાકાળ જેવા કોમળ બની ગયા છો ? આલોચના કરીને કોઈ તૃપ્તિ....સંતોષના ઓડકાર આવ્યા છે ? એવીજ રીતે જ્યારે અસ્તાચલ પર સૂર્ય આવી ઉભો હોય અને જનગણ તથા પંખીગણ જ્યારે પોતાના ઘર તરફ જવા માંડયો હોય....તે વખતે 'આત્મઘર' તરફ જવા માટે ક્યારેય અધીર બન્યા છો ? સંધ્યામાં છુપાયેલી સરળતા...આર્દ્રતા અને ગંભીરતાને શોધી કાઢી છે ?

'આલોચના' કરવા માટે આ બધું જોઇએ છે. ગુણમૂલક અલોચના કર્યા વિના આત્મ તરફ દૃષ્ટિ નથી જતી. પાપોનો એકરાર નથી થતો, પાપજુગુપ્સા અને પાપ નહીં કરવાનો સંકલ્પ નથી થતો.

જાણે-અજાણે થઈ જતાં પાપોની ઓળખાણ કરો, એ પાપોમાંથી સર્જાતા દુઃખોના પહાડોને જુઓ....એ જોતાં જો કંપારી છૂટી જાય....બસ, આલોચના કરવા માટે જોઇતું હૈયું તૈયાર થઇ ગયું! તૈયાર થયેલા હૈયાથી પછી જે 'આલોચના' થશે....તમે સ્વયં પ્રસન્ન થઈ જશો, જીવનમાં નહીં અનુભવેલી તૃપ્તિ અનુભવશો અને તમારી વૃત્તિઓ-પ્રવૃત્તિઓમાં કલ્પનાતીત પરિવર્તન આવશે.

બચાવ ખાતર કે ઘૃણાથી જેઓ કહે છે: 'જેનો અર્થ ન જાણતા હોય તેવી ક્રિયા કરવાનો શો અર્થ?' તેમને કહેવાજ દો. આપણા કહેવાથી તેઓ સુધરવાના નથી, પરંતુ સાચેજ જેને અર્થજ્ઞાનની ભૂખ લાગી છે. ને અર્થ જાણીને પ્રતિક્રમણની ક્રિયામાં પ્રાણ પુરવો છે, તેવા સરળ જીવોને અર્થજ્ઞાન આપવું આવશ્યક છે. 'વંદિત્તા' સૂત્રનો અહિં જે અર્થ આપવામાં આવ્યો છે, તે કાવ્યમાં છે! આપણને ગમી જાય, યાદ રહી જાય તેવા કાવ્યમાં અર્થ ગુંથાયેલો છે.

ધર્માનુરાગી સાઠંબાકરે ખૂબ ખૂબ અધ્યયન, પરિશીલન અને પરિશ્રમથી આ અનુવાદ તૈયાર કર્યો છે....ઘણીવાર ગાઇને સંભળાવ્યો છે....વિદ્વાન પૂજ્ય મુનિ ભગવંતો પાસે સંશોધન કરાવ્યું છે....અને હવે તે પ્રકાશિત થાય છે.

આલોચનાના માર્ગે ચાલવા માટેની આ એક નાની શી પગદંડી છે....એ પગદંડીએ ચાલતાં ચાલતાં આપણે પરમ આત્મવિશુદ્ધિના શિખરે પહોંચવાનું છે....આ માટે આ પુસ્તિકાને રોજના સ્વાધ્યાયમાં સ્થાન આપી, આલોચનાનો આત્માનંદ અનુભવીએ એજ એક મંગલ અભિલાષા.

દેલવાડા.

માઉન્ટ આબૂ. ભદ્રગુપ્તવિજય.

૨-૫-૬૮

## બે બોલ

આ નાનકડા પુસ્તકમાં ભાવગીતની રચના કરતાં પહેલાં અને પછી ઘણા સમયસુધી તેમાં ઓતપ્રોત રહેનાર અને તેના ચિંતનમાં મગ્ન રહેનાર તેના લેખકના નમ્રનિવેદન પછી અને જેમણે ઉગતી વયે સંયમ સ્વીકારી સુંદરવિદ્વત્તા પ્રાપ્ત કરી સર્વસામાન્ય જનતાને શું ઉપકારક થશે તેની હંમેશાં ગવેષણા કરી છે તેવા વિદ્વાન વક્તા મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજે પ્રસ્તાવના લખી છે તે પછી મારે તેમાં શું ઉમેરવાનું કે લખવાનું હોય ?

આ ભાવગીતના લેખક મારા પરમ શ્રદ્ધેય ઉપકારક મિત્ર છે. અમે એક ગુરુના શિષ્યો છીએ. શ્રી શાંતિભાઈ જીવનની શરૂઆતથી તત્ત્વગવેષક રહ્યા છે. જ્યાં તેમનું મન ઠર્યું ત્યાં તેમણે પરિચય કર્યો છે અને જીવન ઉપકારક તત્ત્વ લાગ્યું ત્યાં વ્યવસાયને ગૌણ કરી તે મેળવવા તેમણે પ્રયત્ન કર્યો છે.

શ્રી વિનોબાભાવે, શ્રી રવિશંકર મહારાજ, શ્રી નાનાભાઈ ભટ્ટ, પં. લાલન અને શ્રી ગિજુભાઇ જેવી સંસ્કાર મૂર્તિઓના સંસર્ગ–પરિચયમાં તેઓ અવારનવાર રહ્યા છે. અને તેમનું વાંચન પણ નિતિમત્તા અને તત્ત્વ પોષકતાના ધોરણ પર રહ્યું છે.

શ્રી વિનોબાજીનાં ગીતાપ્રવચનો પર, શ્રી મશરૂવાલાના ચિંતનાત્મક ગ્રંથો પર શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી અને ડોંગરેજી મહારાજનાં ભાગવત પ્રવચનો પર, અને શ્રી ચિન્મયાનંદજીનાં આધ્યાત્મિક ભાષણો પર શ્રી શાંતિભાઈ પોતાની આગવી શૈલિથી વિવરણ કરતા ત્યારે હું ખુશ થતો પરંતુ જ્યારે તેમના માતા પિતા દ્વારા પડેલા બાળસંસ્કારનું બીજ અંકુરિત થતાં તેમણે

સ્વયં પ્રેરણાથી નિવૃત્તિ સ્વીકારી અને તેઓ આવશ્યક સૂત્રોના ચિંતનમાં પડ્યા તેમજ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના ગ્રંથોનું વાંચન-મનન કરવા લાગ્યા, અને પ્રશમરતિ તથા શાંતસુધારસ ભાવનાના શાંત-વૈરાગ્ય રસના ગાનમાં મસ્તી અનુભવવા લાગ્યા ત્યારે તો મને ખૂબ જ આનંદ થયો.

ચૌદપૂર્વનો સાર નવકાર એ સૌ માટેનું આરાધનાનું સર્વસ્વ છે. તેમ શ્રાવકમાટેની આરાધનાનું સર્વસ્વ વંદિત્તુસૂત્ર છે. આનું મૂળ આગમોમાં છે. નવકાર પંચિંદિય ઇરિયાવહી લોગસ્સ કરેમિભંતે વિગેરે સૂત્રોના મૂળલેખક કોણ ? કઈ સાલમાં આ રચાયું ? તેનાં કોઈ કડીબદ્ધ એંધાણ નથી. તેમ આ વંદિત્તા સૂત્રના કર્તા કોણ ? આગમોમાં આવતા 'थुलाओ पाणाइवायाओ वेरमणं' વિગેરે આલાવાઓને ગાથાબદ્ધ કોણે રચ્યા તેનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. અર્થાત્ હજારો વર્ષ જુની આ રચના છે.

સુંદરમાં સુંદર શિલ્પીએ ઘડેલી મૂર્તિ કરતાં પણ હજારો વર્ષથી પૂજાતી ઓછી કારીગરીવાળી મૂર્તિ પ્રભાવક અને તીર્થરૂપ બને છે. ત્યાં તેની કારીગરી જોવાતી નથી. તેમ આ બધાં સૂત્રો સેંકડો-હજારો વર્ષથી પ્રતિદિન લાખો ભાવુકોથી ગણાતાં મંત્રરૂપ છે. તેમાં આરાધનાનું અજોડ સત્વ (અર્ક) છે.

'मननात् त्रायते यस्मात् तस्मान्मंत्रः प्रकीर्तितः' મનન કરવાથી જે અક્ષરો આપણું રક્ષણ કરે તે મંત્ર કહેવાય છે.

ગમે તેટલા તીર્થોની યાત્રા કરો ચૈત્યો જુહારો પણ જે ભાવના શત્રૂંજય અને સંખેશ્વરના દર્શન કરતાં યાત્રીના હૃદયમાં થાય છે તે ભાવનામાં અને સુંદરમાં સુંદર કાવ્યો અને ગ્રંથોના

ગ્રંથ રચનાર વિદ્વાન આચાર્યને પણ અંતિમ સમયે 'નમો અરિહંતાણં' શબ્દ શરણરૂપ બને છે તેમાં જેમ અનેક આરાધકોની આરાધનાનું સત્ત્વ કારણરૂપ છે તેમ આ 'વંદિત્તુ સવ્વ સિદ્ધે' બોલતાં દિવસ, રાત્રિ, પક્ષ ચાતુર્માસ કે વર્ષની સારીએ જીવન કરણી તાદૃશ નજર આગળ રજુ થાય છે. વ્રતો, અતિચારો અને પોતાના જીવનનો સરવાળો, બાદબાકી કે ભાગાકાર બધું તેની નજર સામે તરવરે છે. આ પ્રતાપ છે તેનો એકેક અક્ષર મંત્રરૂપ છે તેનો. અને તે અક્ષરોને મંત્રરૂપ બનાવનાર છે અનેક આરાધકોની આરાધનાનું સત્ત્વ. સેંકડો વર્ષથી હજારો લાખો ભાવુકોએ સવાર સાંજ તેને ગણી અને મનન કરીને આ સૂત્રને સહસ્રપુટી અભ્રખની જેમ આને કરોડપુટી અક્ષરબળ આપી મંત્રરૂપ બનાવેલ છે.

'વંદિત્તુસૂત્ર' એ સૂત્ર અને ગ્રંથ બન્ને રૂપ છે. 'સૂચનાત્ સૂત્રં' એ રીતે ગણીએ તો સૂત્ર છે. એકેક પદ એકેક અક્ષર ખુબજ તુલનાપૂર્વક છે. અને એના એકેક શબ્દ ઉપર ગ્રંથોના ગ્રંથો લખાયા છે. ગ્રંથની રીતે ગણીએ તો આ સૂત્ર મંગળ, અભિધેય, પ્રયોજન અને સંબંધ પૂર્વકના અનુબંધ ચતુષ્ટય રજુ કરવા પૂર્વક રચાયેલ છે. તેમાં પ્રસ્તાવ, રહસ્ય અને ફળ સંદર્ભ બધું છે.

શ્રાવકજીવનની આરાધના માટે તો વંદિત્તુસૂત્ર સર્વોત્તમ અને સર્વશ્રેષ્ઠ છે.

સર્વોત્તમ અને સર્વશ્રેષ્ઠ કલા કૃતિઓને સન્મુખ રાખી શિખાઉ શિલ્પી તેના આકારોને ઉપસાવે તેમ સર્વોત્તમ સાહિત્ય કૃતિઓ માટે પણ બનતું આવ્યુ છે. આ કૃતિઓની રચના પછી તેની રચનાથી મુગ્ધ થયેલા લેખકો તેના પદ્યો કે પદોને જળ-

કાવતા હોય છે. આ કારણથી ઉત્તમ કૃતિઓની અનેક વૃત્તિઓ, ટિપ્પણો, અનુવાદો, સારાંશો, ટબાઓ વિગેરે થતા હોય છે. વંદિત્તુસૂત્ર સર્વશ્રેષ્ઠ ઉત્તમ આરાધકસૂત્ર છે તેથી તેના ઉપર વંદારુવૃત્તિ શ્રાદ્ધપ્રતિક્રમણવૃત્તિ વિગેરે ટીકાઓ રચાઈ છે. ઘણાં ટિપ્પણ વિવરણો થયાં છે. અને તેનાં રહસ્યો પૂજાઓમાં પણ ઉતર્યાં છે.

ભાઈશ્રી શાંતિભાઈએ પણ આજ રીતે વંદિત્તાસૂત્રની આરાધનામાં ઓતપ્રોત થવાના હેતુથીજ આ પદ્ય રચના કરી છે. આપણા ઘણા ગ્રંથો સ્વઆરાધના માટે રચાય છે. અને એવી ભૂમિકાવાળા તેનો ઉપયોગ કરે છે, તેમ આ ગીત રચના મૂળ વંદિત્તાસૂત્રના નિર્મળ પ્રવાહમાં ઝીલવા--દાખલ થવા માટે નીકરૂપે લેખકે પોતાની આરાધના માટેજ બનાવી છે. અને ખરેજ હું તો તેમને તેમાં ન્હાતા જોઈ આનંદ પામું છું. આ નીકનો જળપ્રવાહ પણ જળહળતા--ઉછળતા વંદિત્તા સૂત્રમાંથી ઉભરાયેલ પાણીનો છે. લેખકનો કોઈ સ્વયં નથી એમ તેમનું કહેવું છે.

આ 'આલોચના'– પુસ્તિકામાં સૌ પ્રથમ 'વંદિત્તુ' સૂત્રની મૂળ ગાથા વિષય નિર્દેશ સાથે મૂકેલ છે. પછી તે ગાથાનું ભાવગીત, અર્થ–ભાવાર્થ અને વ્રતની સમજણ મૂકેલ છે. પછી વ્રતની વ્યાખ્યા અને અતિચારને લગતાં તત્ત્વાર્થનાં સૂત્રો તથા બારવ્રતની પૂજામાંથી તેને લગતી થોડીક કાવ્યપ્રસાદી મૂકેલ છે. કેટલાક પારિભાષિક શબ્દોના અર્થ પણ મૂકેલ છે. અને એ રીતે 'વંદિ-તુ' પૂર્ણ થયા બાદ સળંગ આખું ભાવગીત મૂકેલ છે, વાંચક તેનો સદુપયોગ કરી લેખકના પ્રયત્નને કૃતાર્થ કરે એજ ભાવના.

૪, સિદ્ધાર્થ સોસાયટી,
અમદાવાદ ૭. મફતલાલ ઝવેરચંદ ગાંધી
તા. ૧–૭–૬૮

# નમ્ર નિવેદન

**આચારઃ પ્રથમો ધર્મ**ઃ આચાર પ્રથમ ધર્મ. આચાર એટલે આચરણ. શુદ્ધ આચારવાળું જીવન એટલે સદાચારી જીવન. સદાચાર માટે સદ્‌વૃત્તિ જરૂરી છે. અને વૃત્તિને સન્માર્ગે વાળવા માટે વ્રતો જરૂરી છે. વ્રતોમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ બે અંશ હોય છે. સદાચારી જીવન જીવવા માટે જેમ શુદ્ધ આચારોની સમજણ જરૂરી છે. તેમ શુદ્ધ આચારોને શિથીલ કરનાર દોષોની સમજણ પણ જરૂરી છે. તે ઉપરાંત પોતાની સદ્‌અસદ્‌વૃત્તિઓ અને પ્રવૃત્તિઓનું દર્શન પણ જરૂરી છે. આવું સ્વદોષદર્શન વિકાસવાંછુ અંતર્મુખ માણસને જ થાય. અને એ સ્વદોષોની આલોચના–સાચી કબુલાત પણ તેવો હળવો કર્મી આત્મા જ કરી શકે.

આલોચના એટલે રોજના વ્રતબદ્ધ જીવનવ્યવહારમાં થતી પોતાની નાની મોટી ભૂલો ગુરૂપાસે નિખાલસપણે પ્રગટ કરવી– તપાસવી– કબુલકરવી.

વ્રતોનો સ્વિકાર કર્યો તેટલા માત્રથી તે જીવનમાં ઉતરી જતા નથી પણ તે જીવનમાં ઉંડાં ઉતરે તે માટે દરેકવ્રતને અનુકૂળ થઇ પડે તેવી કેટલીક શુભપ્રવૃત્તિઓ સ્થૂલદૃષ્ટિએ કરવી પડે છે અને કેટલીક અશુભપ્રવૃત્તિઓ સ્થૂલપણે છોડવી પણ પડે છે. તેની સમજણ આ 'વંદિત્તુ'--સૂત્રમાં--આ આલોચનામાં છે.

વ્રતો એ તો સદ્‌વૃત્તિઓના રક્ષણની વાડ છે. લક્ષ્મણરેખા છે ! વ્રતોમાં અને આચારોમાં થઇ જતી ભૂલો–દોષો તે અતિ-

ચાર. વ્રત અને આચારની વિશુદ્ધિ માટે રોજે રોજ એવા દોષોનું--અતિચારોનું નિરીક્ષણ જરૂરી છે. વ્રત અને આચાર-મર્યાદાનું યથાર્થ પાલન થાય અને અતિચારથી નિવૃત્તિ થાય તો જીવન શુદ્ધ થાય. આત્મશુદ્ધિ થાય. તે માટે છે પ્રતિક્રમણ.

ભૂતકાળની ભૂલોનો પશ્ચાતાપ કરવો, વર્તમાનમાં પાપ વિમુખ રહેવું અને ભવિષ્યમાં એ પાપ નહિં કરવાનો સંકલ્પ કરવો તે પ્રતિક્રમણ.

એવા પ્રતિક્રમણનું મુખ્ય સૂત્ર છે "વંદિત્તુ." એ રીતે જોઇએ તો 'વંદિત્તુ' એટલે વ્રતધારી જૈનગૃહસ્થની આચાર-સંહિતા.

એ આચારસંહિતા ભગવાન ઉમાસ્વાતિવાચકે તત્ત્વાર્થાધિગમ સૂત્રના સાતમા અધ્યાયમાં ટુંકાં સંસ્કૃતસૂત્રોથી ગાઈ; પૂજ્યપ્રવર શ્રી શ્રુતસ્થવિર મહર્ષિએ શ્રાદ્ધપ્રતિક્રમણમાં-'વંદિ-ત્તુ' સૂત્રમાં આર્ષપ્રાકૃત ભાષાથી ગાઇ. મોટા અતિચાર રચનારે પાક્ષિકાદિ અતિચારમાં ગુજરાતી ગદ્યથી ગાઇ અને ભક્ત કવિ પંડિતવર્ય શ્રી વીરવિજયજી મહારાજ સાહેબે બારવ્રતની પૂજામાં સુંદર ગુજરાતી પદ્ય રચનાથી ગાઇ. તેમાં તેઓશ્રીએ ગુજરાતી દુહાઓથી, ઢાળોથી અને અનેક રાગરાગીણીથી શ્રાવકધર્માચારનું-બારવ્રતોનું અને તેના અતિચારોનું અંતરમાં ઉતરી જાય તેવું સુંદર અને સ્પષ્ટ દર્શન કરાવ્યું છે.

તે ઉપરાંત બીજા વિદ્વાન લેખકોએ પણ 'વંદિ-ત્તુ' સૂત્રના શબ્દાર્થ, વાક્યાર્થ, ભાવાર્થ, ગુજરાતી છાયાનુવાદ તેમજ વિસ્તૃત સમજણ ગુજરાતી ભાષામાં લખેલ છે. એ બધાય પ્રયત્નો મૂળ સૂત્રને - આવી સુંદર આચારસંહિતાને સારી રીતે સમજાવવા માટે છે. તેજ રીતે આ પદ્યાનુવાદ-ભાવગીત અને વિવરણ પણ મૂળ 'વંદિત્તુ' સૂત્ર સમજવા માટે જ છે.

બચપણમાં મારા પિતાશ્રી રોજ સવારસાંજ પ્રતિક્રમણમાં 'વંદિ-તુ' બોલે ત્યારે અને કદીક બારવ્રતની મહાપૂજા ભણાવે ત્યારે સુંદર રાગથી ભક્તિભાવ પૂર્વક એ આચારસંહિતાનું ગાન કરે--રટન કરે. અને રોજના વ્યવહારમાં એ આચારો આચરવા તત્પર રહે, એ બધું જોઈને મારા અંતરમાં પણ અકથ્ય ભાવોની ભરતી આવતી. ત્યારબાદ જૈનસંસ્થાઓમાં અભ્યાસ કરતાં તથા ગૃહપતિ અને શિક્ષક તરીકે કાર્ય કરતાં પાલીતાણા–જૈન ગુરૂકુળ, પાટણ–રાધનપુર–જૈનવિદ્યાભુવન, પાટણ જૈનબોર્ડિંગ, અમદાવાદ ચી. ન. છાત્રાલય, તથા જૈન વિદ્યાર્થી-મંદિર, તેમજ જૈનપાઠશાળા અને જૈનધર્મ શિબીર આદિના વિદ્યાર્થીમિત્રો તથા સોસાયટીના ગૃહસ્થ મિત્રો સાથે જ્ઞાનગોષ્ઠી કરતાં આપણાં પ્રતિક્રમણ સૂત્રો પર સારૂં એવું ચિંતવન ચાલતું, એક એક પદ અને શબ્દ પર મંથન ચાલતું, તેની ફુલગુંથણી અને ગંભીરતા સમજાતાં પ્રસન્નતા આવતી....આનંદ થતો. એ ચિત્ત પ્રસન્નતામાંથી જે ભાવગીતો સ્ફુરતાં તેમાંનું એક આ 'વંદિત્તુ' સૂત્રનું ભાવગીત–આલોચના.

આમ સ્વાન્ત : સુખાય સર્જાયેલ આ ભાવગીત 'આલોચના' ઉપરોક્ત મિત્રોના આગ્રહથી આજે પુસ્તિકારૂપે પ્રગટ તો થાય છે પણ મારામાં રહેલ અનેક ક્ષતિઓનાં દર્શન આપને તેમાં પણ થશે. મારામાં નથી આચારની દ્રઢતા કે નથી ભાષાની સમૃદ્ધિ. તોતડો–બોબડો બાળક હૃદયભાવ વ્યક્ત કરવા મથે તેવી આ પણ છે એક બાલચેષ્ટા! વિવેકીવાંચકને પોતાની ક્ષીરનીર વિવેક દૃષ્ટિનો ઉપયોગ કરી ઉપભોગ કરવા વિનંતિ.

**–स्वान्तः सुखाय तुलसि रघुनाथ गाथा ॥**

**–त्वद् भक्तिरेव मुखरीकुरूते बलान् माम् ॥**

ભક્તિ માનવને મુંગો કેમ રહેવા દે!

આ પુસ્તિકાના લેખનમાં આગમ પ્રભાકર પૂ. મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબે મૂલ્યવાન માર્ગદર્શન આપી મને કૃતાર્થ કર્યો છે. તેમજ પૂજ્ય મુનિરાજ શ્રી ભદ્રગુપ્ત વિજયજી મહારાજ સાહેબે સંપૂર્ણ પુસ્તિકા વાંચી જઈ તેમાં નોંધો, ટીપ્પણીઓ વગેરે માટે આવશ્યક માર્ગદર્શન આપીને તથા પ્રસ્તાવના લખી આપીને મહદ્ ઉપકાર કર્યો છે. અને મારા મિત્ર પંડિત શ્રી મફતલાલ ઝવેરચંદે પણ બધું લખાણ વાંચી જઈ જરૂરી સુધારા કર્યા છે. અને બે બોલ લખેલ છે. તે સર્વનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

૪૨, જૈનનગર
સંજીવનીપાસે,
અમદાવાદ–૭.

શાંતિલાલ મગનલાલ સાઠંબાકર.

# સમર્પણ.

સંસ્કાર મૂર્તિ સ્વ૦ પૂજ્ય પિતાશ્રીને.........

તથા

વાત્સલ્યમૂર્તિ સ્વ૦ પૂજ્ય માતુશ્રીને.....

જેમના આચાર એજ અમારે માટે ઉપદેશ અને આજ્ઞા હતાં. જેમનો વ્યવહાર એજ અમારે માટે મૌન વ્યાખ્યાન હતું. જેમની પ્રમાણિકતા એ અમારે માટે જીવન આદર્શ હતો. એવા મારા પિતાશ્રીનું જીવન હતું સાદુ, સંયમપૂર્ણ અને વ્રતબદ્ધ. ન્યાયોપાર્જિત દ્રવ્ય સંપાદન. ધંધામાં નફાનું અલ્પધોરણ. દશહજારથી વધુ મિલ્કત ન રાખવાનું પરિગ્રહ પરિમાણ વ્રત. સત્ય અને સ્પષ્ટ વકતવ્ય. અભક્ષ્ય અને રાત્રિભોજનનો ત્યાગ. જે અનાજ પર પ્રાણીમાત્રનો હક્ક છે તેનો એક દાણો પણ ન બગડે એજ રીતે સાદું ભોજન. રોજ બે ત્રણ દ્રવ્ય તથા વિગઇનો ત્યાગ.

સવાર સાંજ પ્રભુ દર્શન–પૂજન અને પ્રતિક્રમણ.

જીવનભર રહેવા મકાન ન બાંધવાનો અભિગ્રહ હોવા છતાંય, પોતાના વતનમાં જિનમંદિર તૈયાર ન કરાવે ત્યાંસુધી મીઠાઈ ત્યાગ. પરિણામે સાઠંબામાં સુંદર જિન મંદિર ઉભું થયું.

એવા સાદા, સંયમી, ધર્મનિષ્ઠ અને અંતર્મુખ મારા સ્વર્ગસ્થ

પૂજ્ય પિતાશ્રી મગનલાલ નાથજીભાઇને....

તથા આંખને ઇશારે ઔચિત્યના પાઠ પઢાવતાં,

વાત્સલ્ય મૂર્તિ સ્વ૦ પૂ૦ માતુશ્રી રૂક્ષ્મણી બાને...

'વંદિત્તુ'–સૂત્રનું આ ભાવગીત 'આલોચના' સમર્પણ.

—શાંતિલાલ સાઠંબાકર.

# વિષયનોંધ

ગાથા


૧. મંગલાચરણ અને વિષય નિર્દેશ. પ્રતિક્રમણની વ્યાખ્યા.

૨. વ્રતો અને જ્ઞાનાદિ આચારોમાં લાગેલા દોષોનું--અતિચારોનું પ્રતિક્રમણ: એકસો ચોવીસ અતિચાર:

૩. સર્વપાપના મૂળ સમા પરિગ્રહ અને આરંભનું પ્રતિક્રમણ.

૪. ઇંદ્રિયો અને કષાયોની અશુભપ્રવૃત્તિઓથી લાગેલા દોષોની નિંદા.

૫. પરવશતાથી કરવી પડેલ પ્રવૃત્તિઓથી લાગેલા દોષોનું પ્રતિક્રમણ.

૬. બારવ્રતના પાયારૂપ સમ્યક્ત્વના અતિચારોનું પ્રતિક્રમણ: 'શંકા' આદિ અતિચારોની સમજણ: સમ્યક્ત્વની સમજણ તથા તેનાં પાંચલક્ષણ:

૭. આરંભ સમારંભોની નિંદા.

૮. બારવ્રતના અતિચારોનું સંક્ષિપ્ત પ્રતિક્રમણ. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચારશિક્ષાવ્રત :

: પાંચ અણુવ્રત :

૯–૧૦. ૧. સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રતના અતિચારોનું પ્રતિક્રમણ: વ્રતની સમજણ: દશચંદરવાનાં સ્થળ:

૧૧–૧૨. ૨. સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રતના અતિચારોનું પ્રતિક્રમણ: વ્રતની સમજણ: તજવા જેવાં પાંચ મોટાં જુઠાણાં.

ગાથા
૧૩–૧૪. ૩. સ્થૂલ અદત્તાદાન વિરમણવ્રતના અતિચારોનું પ્રતિક્રમણ: વ્રતની સમજણ:
અઢાર ચોર પ્રસૂતિઓ: સાતપ્રકારના ચોર.
૧૫–૧૬. ૪. સ્વદારા સંતોષ–પરસ્ત્રી ગમન વિરમણવ્રતના અતિચારોનું પ્રતિક્રમણ: વ્રત સમજણ.
૧૭–૧૮. ૫. સ્થૂલ પરિગ્રહ પરિમાણવ્રતના અતિચારોનું પ્રતિક્રમણ: વ્રતની સમજણ. સંતોષામૃતથી શાંતિ:
: ત્રણ ગુણવ્રત :
૧૯. ૬. દિક્ પરિમાણ વ્રતના અતિચારોનું પ્રતિક્રમણ: વ્રતની સમજણ.
૨૦થી૨૩. ૭. ભોગોપભોગ (ઉપભોગ–પરિભોગ)પરિમાણ વ્રતના અતિચારોનું પ્રતિક્રમણ: વ્રતનીસમજણ.
ગાથા ૨૦–ભોગમાં વિવેક.
,, ૨૧–ભોજનમાં વિવેક
,, ૨૨–૨૩ ધંધામાં વિવેક.
વ્રતધારીએ તજવા જેવા પંદર ધંધા.
૨૪થી૨૬. ૮. અનર્થદંડ વિરમણવ્રતનું સ્વરૂપ અને તેના અતિચારોનું પ્રતિક્રમણ. વ્રતની સમજણ.
ગાથા ૨૪-જીવઘાતક વસ્તુઓ આપવા રૂપ અનર્થદંડ.
,, ૨૫–પ્રમાદાચરણરૂપ અનર્થદંડ.
,, ૨૬–અનર્થદંડના પાંચ અતિચાર
: ચાર શિક્ષાવ્રત :
૨૭. ૯. સામાયિક વ્રતના અતિચારોનું પ્રતિક્રમણ: વ્રતની સમજણ.
૨૮. ૧૦. દેશાવકાશિક વ્રતના અતિચારોનું પ્રતિક્રમણ: વ્રતની સમજણ.

ગાથા.

૨૯. ૧૧. પૌષધોપવાસ વ્રતના અતિચારોનું પ્રતિક્રમણ: ચારપ્રકારના પૌષધ: વ્રતની સમજણ.

૩૦થી૩૨. ૧૨. અતિથિ સંવિભાગ વ્રતના અતિચારોનું પ્રતિક્રમણ. વ્રતની સમજણ.

૩૧. યોગ્ય અતિથિને અયોગ્ય રીતે દાન આપવાથી થયેલ દોષની નિંદા: અયોગ્ય અતિથિને અયોગ્યરીતે દાન આપવાથી થયેલ દોષનીનિંદા.

૩૨. યોગ્ય અતિથિને યોગ્ય દાન ન આપવાથી લાગેલા દોષની નિંદા.

૩૩. સંલેષણાના અતિચારોનું પ્રતિક્રમણ.

૩૪. મન; વચન, કાયાના અશુભ યોગોથી લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ.

૩૫. વંદનાદિ ધર્મકરણીમાં લાગેલા બીજા અતિચારોનું પ્રતિક્રમણ: વંદન, વ્રત, શિક્ષા, ગૌરવ, સંજ્ઞા, કષાય, દંડ, ગુપ્તિ, સમિતિ વગેરેની સમજણ.

૩૬થી૪૧. પ્રતિક્રમણની ઉપયોગિતા અને માહાત્મ્ય.

૩૬-૩૭. સમ્યગ્દૃષ્ટિ જીવને અલ્પ બંધ શાથી?

૩૮-૩૯. વ્રતધારી શ્રાવક આઠકર્મ શીરીતે હણે? આલોચનાની ઉપયોગિતા.

૪૦-૪૧ આલોચના અને પ્રતિક્રમણથી માનવ હળવો બને છે: પ્રતિક્રમણનું માહાત્મ્ય.

૪૨. પ્રતિક્રમણ વખતે યાદ ન આવેલા દોષોની આલોચના: આલોચનાની સમજણ: મૂલગુણ અને ઉત્તરગુણ.

૪૩. ધર્મઆરાધનામાં તત્પરતા અને ચોવીસ જિનેશ્વરોને વંદના.

४४–४५. સર્વ ચૈત્યોને-જિનબિંબોને તથા સર્વ સાધુઓને વંદના:

४६. જિનેશ્વર ભગવાનનું સ્તવન: ધર્મકથાનું મહાત્મ્ય: અને શેષ જીવન ધર્મકથામાં વિતાવવાની ભાવના.

४७. ચાર મંગલ અને માગણી.
અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ એ ચાર મહામંગલ:
સમાધિ અને સમકિતની માગણી:

४८. પ્રતિક્રમણના ચાર હેતુઓ.
૧. નિષિદ્ધના આચરણથી, ૨. વિહિતના અનાચરણથી, ૩ અશ્રદ્ધાથી ૪ વિપરીત પ્રરૂપણાથી-બચવુ

४९. ક્ષમાપના: વિશ્વમૈત્રી ભાવના.

५०. ઉપસંહાર અને પૂર્ણાહૂતિનું વંદન.

—o—

'વંદિત્તુ'-પચાસ ગાથાનું સળંગ ભાવગીત–'આલોચના.'

—o—

# ક્ષમાપના : મિચ્છામિ દુક્કડમ્

આત્મપ્રિય,

જય જીનેન્દ્ર ! કહો જીવ ! જય જીનેન્દ્ર કહો,
આર્દ્ર બની સૌ બોલો (૨) મિચ્છામિ દુક્કડમ્ જય ! ...૧
ચૌદ રાજમાં ભમતાં, કર્મ વશે મળતા જીવ ! કર્મ વશે મળતા !
લેણું દેણું સમજી (૨) જઈ દૂરે વસતા જય જીનેન્દ્ર કહો....૨
સાયં કાલે પક્ષી વૃક્ષ ઉપર મળતાં, જીવ ! વૃક્ષ ઉપર મળતાં
બીજે દિવસે પ્રભાતે (૨) સહૂ ઉડી જાતાં ! જય જીનેન્દ્ર કહો...૩
ધર્મશાલામાં યાત્રિક ભેગાં બહૂ થાતાં, જીવ ! ભેગા બહૂ થાતાં
સ્નેહ સંબંધો બાંધી (૨) કયાં ના કયાં જાતાં ! જય જીનેન્દ્ર કહો ૪
જીવતર પાણી વેગે અણધાર્યું ચાલ્યું, જીવ ! અણધાર્યું ચાલ્યું.
કરણી શુભ કરી લો (૨) રહેશે નહિ ઝાલ્યું જય જીનેન્દ્ર કહો ૫
મન, વાણી, વર્તનથી જાણ અજાણપણે જીવ ! જાણ અજાણપણે,
દુભાવ્યા હોય તમોને (૨) મિચ્છામિ દુક્કડમ્ જય જીનેન્દ્ર કહો ૬
પાંચ ઇંદ્રિયે સેવ્યાં, ચારકષાય વશે જીવ ! નિંદિત કો ભાવે,
રાગ દ્વેષથી પાપો (૨) મિચ્છામિ દુક્કડમ્ જય જીનેન્દ્ર કહો...૭
માનવ ભવ ખર્ચી આ કમાણી શી કીધી ? જીવ કમાણી શી કીધી ?
આતમધ્યાન ધરી જીવ ! (૨) સુખ શાંતિ લીધી? જય જીનેન્દ્ર કહો...૮

--શાં૦

# આ લો ચ ના

## વંદિત્તુ-સૂત્ર

### મંગલાચરણ અને વિષય-નિર્દેશ.

ગાથા.

**वंदित्तु सव्वसिद्धे, धम्मायरिए अ सव्वसाहू अ।**
**इच्छामि पडिक्कमिउं, सावग-धम्माइआरस्स ॥१॥**

ભાવ ગીતઃ

વંદન કરી સહૂ સિદ્ધ-પ્રભુને, ધર્માચાર્યો મુનિગણુને
શ્રાવક ધર્મતણા અતિચારો પ્રતિક્રમવા હું ઈચ્છું છું. ૧.

અર્થ:

સર્વે સિદ્ધ ભગવંતોને, ધર્માચાર્યોને તથા સર્વ મુનિ-રાજોને વંદન કરીને શ્રાવકધર્મમાં લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરવા હું ઈચ્છું છું. ૧.

સિદ્ધપદથી અરિહંત ભગવાન અને ધર્માચાર્ય પદથી ઉપાધ્યાય પણ સમજી લેવાના છે. એ રીતે પાંચ પરમેષ્ઠિને વંદના કરવામાં આવી છે.

**स्वस्थानात् यत्परस्थानं प्रमादस्य वशात् गतः।**
**तत्रैव क्रमणं भूयः प्रतिक्रमणमुच्यते ॥**

# પ્રતિક્રમણ

ભૂતકાળની ભૂલોનો પશ્ચાતાપ કરવો, વર્તમાનમાં પાપવિમુખ રહેવું અને ભવિષ્યમાં એ પાપ નહિ કરવાનો સંકલ્પ કરવો તે પ્રતિક્રમણ.

ફરી પાપ ન થાય એ પ્રતિક્રમણનો મુખ્ય ઉદ્દેશ છે. પણ તે સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી નિરંતર લાગતા દોષોની શુદ્ધિ કરવી –પશ્ચાતાપ કરવો તે પણ પ્રતિક્રમણ છે. અને તે જરૂરી છે.

પ્રતિક્રમણ એ ભાવસ્નાન છે: તેનાથી આત્મશુદ્ધિ થાય છે.

રોજ રોજ મેલા થતા શરીરને જેમ સ્નાનથી શુદ્ધ કરીએ છીએ એમ આત્મશુદ્ધિ માટે આ ભાવસ્નાનરૂપ પ્રતિક્રમણ જરૂરી છે આવશ્યક છે–અવશ્ય કરવા યોગ્ય છે.

---

સિદ્ધ- આઠ કર્મથી રહિત મોક્ષદશાને પામેલા અરિહંત અને સિદ્ધભગવંત.

પ્રતિક્રમણ–ભૂલોનો પશ્ચાતાપ કરવો તે.

અતિચાર–આચારમાં દોષ–સ્ખલના. આચારમર્યાદા ઓળંગી જવી તે.

શ્રાવકધર્મ–જ્ઞાનાદિ પાંચ આચાર તથા બારવ્રતના પાલનરૂપ ધર્મ: દેશવિરતિરૂપ ધર્મ.

## વ્રતો તથા જ્ઞાનાદિ આચારોમાં લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ.

ગાથા.

**जो मे वयाइआरो, नाणे तह दंसणे चरित्ते अ।**
**सहुमो य बायरो वा, तं निंदे तं च गरिहामि ॥२॥**

ભાવગીતઃ

જે કાંઈ મારા વ્રતઅતિચારો, નાના મોટા દોષ થયા
જ્ઞાન તથા દર્શન, ચારિત્રે, નિંદુ છું સહુ ગર્હું છું. ૨.

અર્થ:

બારવ્રતોમાં તથા જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં (તથા, તપ, વીર્ય, સંલેષણા અને સમ્યક્ત્વમાં) નાના મોટા જે કાંઇ અતિચાર–દોષ લાગ્યા હોય તેને હું નિંદુ છું. અને ગર્હું છું.૨.

---

નિંદા–યોગ્ય ન કર્યું, ફરી આવું નહિં કરૂં, બહુ ખરાબ થયું એમ હૃદયમાં થાય તે નિંદા. નિંદા આત્મસાક્ષીએ થાય,

ગર્હા–ગુરૂ પાસે ભૂલની કબૂલાત કરવી તે ગર્હા. ગર્હાથી લઘુતા આવે અને ફરી એવી ભૂલ ન કરવાનું બળ મળે છે.

દર્શન–સમ્યક્ શ્રદ્ધા.
જ્ઞાન–સમ્યક્ સમજણ.
ચારિત્ર–સમ્યક્ આચરણ.
સમ્યક્–યથાર્થ. સત્ય.
સૂક્ષ્મ–ન સમજી શકાય તેવો. બાદર–સમજી શકાય તેવો.
આચાર–આચરણ.

**नाणाइ-अट्ठ, पइवय-सम्म-संलेहण-पण-पन्नरकम्मेसु ।**
**बारस-तप, वीरिअ-तिगं, चउवीस-सयं अइआरा ॥**

**नाणाई अट्ठ**–જ્ઞાનાદિકના આઠ એટલે જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચાર એ દરેકના આઠ આઠ એમ કુલ–૨૪ અતિચાર
**पईवय**–પ્રતિવ્રત એટલે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રત આદિ બારવ્રતના તથા
**सम्म–संलेहण पण**–સમ્યક્ત્વના તથા સંલેષણાના દરેકના પાંચ અતિચાર એમ કુલ ૭૦ અતિચાર
**पन्नर कम्मेसु**–પંદર કર્માદાનના પંદર અતિચાર– ૧૫ „
**बारस तप**–બાર પ્રકારના તપના બાર અતિચાર ૧૨ „
**वीरिअ–तिगं**–વીર્યાચારના ત્રણ અતિચાર ૩ „
**चउवीससयं अइआरा**–એકસો ચોવીસ અતિચારો ૧૨૪ „

એ રીતે શ્રાવક ધર્મના–જ્ઞાનાદિ પાંચ આચાર અને શ્રી સમ્યક્ત્વ મૂલ બારવ્રતના એકસો ચોવીસ અતિચાર સમજવા.

દુહા

દંસણ નાણ ચરણ તણા આઠ આઠ અતિચાર
અણસણ વીર્યાચારના પણ, તિગ, તપના બાર. ૧.
સુંદર સમકિત ઉચ્ચરી લહી ચોથું ગુણઠાણ
ચડી પંચમ પગથાળીએ થૂલ થકી પચ્ચખ્ખાણ. ૨.

કળશ

ગાયો ગાયોરે મહાવીર જિનેશ્વર ગાયો.
વીરમુખે વ્રત ઉચ્ચારીયાં જેમ, નરનારી સમુદાયો.
એકસો ચોવીસ અતિચાર પ્રમાણે, ગાથાએ ભાવ બનાયોરે મહાવીર.

—બારવ્રત પૂજા.

## સર્વ પાપના મૂળસમા પરિગ્રહ અને આરંભનું પ્રતિક્રમણ

ગાથા

**दुविहे परिग्गहम्मि सावज्जे बहुविहे अ आरंभे ।**
**कारावणे अ करणे पडिक्कमे देसिअं सव्वं ॥३॥**

ભાવગીત:

દ્વિવિધ પરિગ્રહ કર્યા કરાવ્યા, બહુ વિધ પાપારંભ વળી
દિવસ સંબંધી દોષ થયા જે આલોઉં સહૂ યાદ કરી. ૩.

અર્થ:

બે પ્રકારના પરિગ્રહ કરતાં કરાવતાં તથા પાપવાળી અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરતાં કરાવતાં દિવસ દરમિયાન જે કાંઇ દોષ લાગ્યા હોય તેનું હું પ્રતિક્રમણ કરૂં છું. ૩.

---

પરિગ્રહ–વસ્તુ પરની મૂર્ચ્છા : પાપ પ્રવૃતિમાં રોકી રાખે-પકડી રાખે તે.

પરિગ્રહના બે પ્રકાર–૧ બાહ્ય ૨. અભ્યંતર.

બાહ્ય પરિગ્રહ–૧ સચિત્ત તે સ્ત્રી, પુત્ર નોકર ચાકર વગેરે.
૨ અચિત્ત તે ધન–ધાન્ય માલમિલ્કત વગેરે.

અભ્યંતર પરિગ્રહ–મિથ્યાત્વ, અવિરતિ, કષાય, મન-વચન-કાયાના અશુભ યોગો વગેરે

આલોઉં–પ્રગટ કરવું, પ્રગટ રીતે જોવુ. આલોચના કરવી.

પાપારંભ–હિંસાદિ પાપવાળાં કામો.

## ઇન્દ્રિયો અને કષાયોની અશુભ પ્રવૃત્તિથી થયેલા દોષોની નિંદા.

ગાથા

**जं बद्धमिंदिएहिं, चउहिं कसाएहिं अप्पसत्थेहिं ।**
**रागेण व दोसेण व, तं निंदे तं च गरिहामि ॥४॥**

ભાવગીતઃ

નિંદિત એવા ચાર કષાયે, પાંચ ઇન્દ્રિયે પાપ થયાં
રાગદ્વેષથી મન,વચ,કાયે, નિંદુ છું સહુ ગહું છું. ૪.

અર્થ :

અશુભ ભાવમાં પ્રવર્તેલ ઇન્દ્રિયોથી, ચાર કષાયોથી, (મન, વચન, કાયાના ત્રણ યોગથી), તથા રાગ અને દ્વેષથી જે કંઈ અશુભ કર્મ બંધાયું હોય તેની હું નિંદા કરૂં છું અને ગુરુ સાક્ષિએ ગર્હા કરૂં છું.

---

કષાય :– કષ=સંસાર, આય=લાભ–સંસાર વધારે તે કષાય.
કસ=ઘસવું–જીવના શુદ્ધ સ્વરૂપને કલુષિત કરે–ઘસી નાખે તે.
ક્રોધ, માન, માયા, લોભ (રાગ–દ્વેષ) વગેરે.

અપ્પસત્થ :–અપ્રશસ્ત : અશુભ.

## પરવશતાથી કરવી પડેલ પ્રવૃત્તિઓથી લાગેલ દોષોનું પ્રતિક્રમણ.

ગાથા :

**आगमणे निग्गमणे ठाणे चंकमणे अणाभोगे ।**
**अभिओगे अ निओगे पडिक्कमे देसिअं सव्वं ॥५॥**

ભાવગીત :

શરતચૂકથી, દબાણથી કે ફરજવશે હરતાં ફરતાં,
જતાં આવતાં, ઉભાં રહેતાં, દોષ થયા આલોઉં સૌ. ૫

અર્થ :

ઉપયોગ ન રહેવાથી, દબાણથી કે ફરજને લીધે (અજ્ઞાનીઓના સ્થાનમાં) જવા આવવાથી, ઉભા રહેવાથી કે હરવા ફરવાથી દિવસ દરમિયાન જે કોઈ અતિચાર લાગ્યા હોય તે સર્વનું હું પ્રતિક્રમણ કરૂં છું. ૫

---

અણાભોગ :– બેધ્યાનથી. ઉપયોગ ન રહેવાથી.
અભિયોગ :– દબાણથી, આગ્રહથી. અભિયોગ છ જાતના હોય છે.
૧. રાજાભિયોગ ૨. ગણાભિયોગ ૩. બલાભિયોગ
૪. દેવાભિયોગ ૫. ગુરૂઅભિયોગ ૬. વૃત્તિકાંતારાભિયોગ–આજીવિકાના કારણે.
નિયોગ :– ફરજને લીધે, અધિકારને લીધે.

## બારવ્રતના પાયારૂપ સમ્યક્ત્વના અતિચારોનું પ્રતિક્રમણ.

ગાથા :

**संका कंख विगिच्छा पसंस तह संथवो कुलिंगीसु।**
**सम्मत्तस्स-इआरे पडिक्कमे देसिअं सव्वं ॥६॥**

ભાવગીત :

જિનમત શંકા, પરમતઇચ્છા, ફલસંદેહ–દુગંછાદિ,
મિથ્યાત્વી સહ વાસ પ્રશંસા સમકિત દોષો પ્રતિક્રમું. ૬.

અર્થ :-

સમ્યકત્વના પાલનમાં ૧. જિનમત વિષે શંકા થવાથી. ૨. પરમતની ઇચ્છા કરવાથી, ૩. ધર્મ ક્રિયાઓ અને તેના ફળમાં સંદેહ થવાથી, અથવા સાધુ-સાધ્વી તરફ સૂગ લાગવાથી, ૪. મિથ્યાત્વીઓનાં વખાણ કરવાથી તથા ૫. તેમનો સહવાસ–અતિ પરિચય થવાથી સમ્યક્ત્વના જે કોઈ અતિચારો દિવસભરમાં લાગ્યા હોય તે સર્વનું હું પ્રતિક્રમણ કરૂં છું. ૬

---

મિથ્યાત્વી :- અજ્ઞાની. ખોટી–ઊંધી સમજવાળા.
સમ્યક્ત્વ :- સાચી સમજ. સુદેવ-સુગુરૂ-સુધર્મમાં શ્રદ્ધા.
૧. શંકા :- સંશય : જિનેશ્વર ભગવાનનો પંથ–દૃષ્ટિ–મત સ્વીકાર્યા પછી તેમાં વર્ણવેલા કેટલાક અતીન્દ્રિય–સૂક્ષ્મ પદાર્થો કે જે માત્ર કેવળ જ્ઞાનથી જ કે આગમથી જ જાણી શકાય તેવા હોય તે વિષે શંકા થાય તો તેને અતિચાર–દૂષણ–કહેલ છે.

જૈન તત્ત્વજ્ઞાનમાં સત્યતત્ત્વની કસોટીને–પરીક્ષાને સંપૂર્ણ સ્થાન હોવા છતાં શંકા ન કરવાનું કહે છે. એનો અર્થ એ છે કે "તર્કવાદથી પરના પદાર્થોને તર્કદૃષ્ટિએ કસવાનો પ્રયત્ન ન કરવો" કારણ કે તેમ કરવા જતાં જે પદાર્થો માત્ર કેવળજ્ઞાની જ જાણી શકે તેવા– શ્રદ્ધાગમ્ય હોય તે બુદ્ધિગમ્ય ન થઈ શકવાથી સાધક ગુંચવાડામાં પડે, તેને ભ્રમ થાય, પરિણામે જે બુદ્ધિગમ્ય પદાર્થો હોય તે પણ આવો સાધક છોડી દે અને તેથી સાધનાના વિકાસમાં બાધા–વિઘ્ન આવે, માટે એવી શંકાને–સંશયને અતિચારરૂપે દૂષણ સમજી તજવાની આજ્ઞા છે.

**संशयात्मा विनश्यति** । ગીતા.

**श्रद्धावान् लभते ज्ञानम्** । ગીતા.

શ્રી અરિહંતતણાં બલ, અતિશય, જ્ઞાનલક્ષ્મી, ગાંભીર્યાદિકગુણ શાશ્વતી પ્રતિમા, ચારિત્રીયાનાં ચારિત્ર, શ્રી જિનવચન તણો સંદેહ કીધો.

૨. કાંક્ષા:– આકાંક્ષા-અભિલાષા. ઐહિક અને પારલૌકિક વિષયોની –પદાર્થોની અભિલાષા કરવી તે કાંક્ષા. જો આવી અભિલાષા થવા લાગે તો ગુણદોષની તુલના કે વિચાર વિના જ સાધક ગમે ત્યારે પોતાની અભિલાષા પાર પાડવા પોતાના સિદ્ધાંતને છોડી દે, તેથી તેવી આકાંક્ષાને-અભિલાષાને અતિચાર-દૂષણ કહેલ છે. જીવનમાં રોગ, શોક કે કષ્ટ આવ્યે ડગી જાય અને તેથી બચવા ગમે તેવા દેવ-દેવલાને માને કે પૂજે તે સાધકની નિર્બળતા છે. કર્મના સિદ્ધાંતમાં માનનારો મજબુત મનનો સમ્યક્ત્વી મંત્ર કે ચમત્કારથી કદી મોહમાં ન પડે....તે તો આવી પડતા દુઃખ પ્રસંગો સહન કરે અને ભાવના ભાવે કે :–

"રહે અડોલ, અંકપ, નિરંતર યહ મન દૃઢતર બન જાવે.
ઇષ્ટ વિયોગ અનિષ્ટ યોગમેં સહનશીલતા દીખલાવે"

**૩. વિતિગિચ્છા :- ધર્મ સંબંધીયા ફલતણે વિષે સંદેહ કીધો, મહાસતી-મહાત્માની ઇહલોક પરલોક સંબંધીયા ભોગ-વાંછિત પૂજા કીધી. રોગ, આતંક કષ્ટ આવ્યે ખીણુ વચન ભોગ માન્યા, મહાત્માના ભાત પાણી મલ શોભા તણી નિંદા કીધી, કુચારિત્રીયા દેખી ચારિત્રીયા ઉપર કુભાવ હુઓ.**

**-પાક્ષિકાદિ અતિચાર**

૪. મિથ્યાદૃષ્ટિ પ્રશંસા અને ૫. મિથ્યાદષ્ટિ સંસ્તવ :-

જેમની દૃષ્ટિ કે સમજણ ખોટી હોય તેવી ભ્રાન્તદૃષ્ટિવાળી વ્યક્તિઓમાં પણ કેટલીક વખત બાહ્યઆચાર વિચાર અને બાહ્ય-ત્યાગ આદિ સારાં દેખાય છે તેથી આકર્ષાઇ જઇને તેના ગુણ-દોષનો વિવેક-ભેદ કર્યા વિના જ તેવી વ્યક્તિની પ્રશંસા કરવામાં આવે કે તેનો પરિચય વધારવામાં આવે તો અવિવેકી સાધકને સિદ્ધાંતથી સ્ખલિત થઈ જવાનો ભય છે. તેથી તેને સમ્યક્ત્વના અતિચાર-દૂષણ કહેલ છે.

મિથ્યાત્વી તણી પૂજા પ્રભાવના દેખી પ્રશંસા, કીધી, પ્રીતિમાંડી, દાક્ષિણ્ય લગે તેહનો ધર્મ માન્યો કીધો.

તત્ત્વ ઉપર શ્રદ્ધા તે સમ્યગ્ દર્શન.
યથાર્થ રૂપથી પદાર્થોનો નિશ્ચય કરવાની રુચિ તે સમ્યગ્ દર્શન.

રાગદ્વેષની તીવ્રતા મટી જતાં આત્મા સત્યને માટે જાગરૂક બની જાય છે, એવી આધ્યાત્મિક જાગ્રતિ તે સમ્યક્ત્વ. સમ્યગ્ દર્શન પારખવાનાં- સમ્યક્ત્વની પિછાન કરાવે તેવાં પાંચ લક્ષણ.

**प्रशम संवेगनिर्वेदानुकम्पास्तिक्याभिव्यक्तिलक्षणं तदिति ॥**

૧. પ્રશમ ૨. સંવેગ ૩. નિર્વેદ ૪. અનુકમ્પા. ૫. આસ્તિક્ય.

૧. પ્રશમ :– કષાય અને કદાગ્રહ આદિ દોષોનો ઉપશમ-નિરોધ
તે પ્રશમ.

૨. સંવેગ :– સાંસારિક બંધનોનો ભય લાગવાથી મોક્ષનો
અભિલાષ તે સંવેગ.

૩. નિર્વેદ:– વિષયોમાં આસક્તિ ઓછી થવી. સંસારના પદાર્થો
અસત્ય લાગવાથી તે પર ઉદ્વેગ–કંટાળો આવવો તે નિર્વેદ.

૪. અનુકમ્પા :– દુઃખી પ્રાણીઓનાં દુઃખ દૂર કરવાની ઇચ્છા–
દ્રવ્યથી અને ભાવથી તે અનુકમ્પા.

૫. આસ્તિક્ય :– આત્મા આદિ પરોક્ષ છતાંય યુક્તિ પ્રમાણુથી
સિદ્ધપદાર્થોનો સ્વીકાર એ આસ્તિક્ય.

**तत्त्वार्थ श्रद्धानं सम्यग् दर्शनम्** -તત્ત્વાર્થ અ. ૧–૨

**शंका कांक्षा-विचिकित्सा-ऽन्यदृष्टिप्रशंसा-**
**संस्तवाः सम्यग्दृष्टेरतिचाराः ।** -તત્ત્વાર્થ અ. ૭–૧૮

ઢાળ

હરિ, હર, બંભને, દેવી અચંભને;
પામી સમક્તિ નવિ ચિત્ત ધરીજે,
દોષથી વેગળા, દેવ તીર્થંકરા
ઉઠી પ્રભાતે તસ નામ લીજે....૪
અતિશયે શોભતા, અન્ય મત થોભતા,
વાણી, ગુણુ પાંત્રીસ જાણીએ એ,
નાથ શિવ સાર્થવા, જગતના બંધવા
દેવ વીતરાગ તે માનીએ એ....૫
જોગ આચારને સુગુરૂ અણુગારને,
ધર્મ જયણા-યુત આદરો એ;
સમક્તિ સારને, છંડી અતિચારને
સિદ્ધ પડિમા નતિ નિત કરો એ....૬

—બારવ્રતની પૂજા.

જૈન દર્શનમાં જેને શ્રદ્ધા થઇ છે, તેવા સમકિતી જીવે ઉપર મુજબ સુદેવ, સુગુરૂ અને સુધર્મને સમક્તિના સારરૂપ સમજવા અને સમકિતના અતિચારો તજવા.

## આરંભ–સમારંભોની નિંદા.

ગાથા :

**छक्काय-समारभे पयणे अ पयावणे अ जे दोसा ।**
**अत्तट्ठा य परट्ठा उभयट्ठा चेव तं निंदे ॥७॥**

ભાવગીત :

છકાય હિંસા, સ્વ–પર–ઉભયને કાજ, રાંધ્યું કે રંધાવ્યું
તેથી જે કાંઈ દોષ થયા સૌ આત્મસાક્ષીએ નિંદું છું. ૭.

અર્થ :–

છકાયના જીવોની હિંસા થાય તેવી પ્રવૃત્તિ કરતાં તથા પોતાને માટે, બીજાને માટે કે બન્નેયને માટે રાંધતાં, રંધાવતાં જે દોષો થયા હોય તેની હું નિંદા કરૂં છું.

---

સંરંભ– પ્રાણીના વધ વગેરેનો સંકલ્પ–વિચાર.

સમારંભ– પ્રાણીને પરિતાપ–દુઃખ થાય તેવી પ્રવૃત્તિ.

આરંભ– પ્રાણીનો ઘાત થાય તેવી પ્રવૃત્તિ.

છકાય– પૃથ્વી–અપ–તેઉ–વાઉ–વનસ્પતિકાય તથા ત્રસકાય.

ત્રસકાય– હાલતાચાલતા જીવો, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરેન્દ્રિય, પંચેન્દ્રિય.

# બારવ્રત અને તેના અતિચારોનું સંક્ષિપ્ત પ્રતિક્રમણ.

ગાથા :

**पंचण्हमणुव्वयाणं गुणव्वयाणं च तिण्हमइआरे ।**
**सिक्खाणं च चउण्हं पडिक्कमे देसिअं सव्वं ॥८॥**

ભાવગીત :

પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રતને શિક્ષાવ્રત વળી ચાર કહ્યાં
એવા બારવ્રતોના દૈનિક અતિચાર આલોઉં સૌ. ૮.

અર્થ :

પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત, આ બારવ્રતના પાલનમાં દિવસ દરમિયાન જે કોઈ અતિચાર લાગ્યા હોય તે સર્વનું હું પ્રતિક્રમણ કરૂં છું.

---

૧. અણુવ્રત :– હિંસાદિની અમુક અંશે વિરતિ–ત્યાગ તે અણુવ્રત: અને સર્વથા વિરતિ–ત્યાગ તે મહાવ્રત. અહિંસા, સત્ય, અસ્તેય, અચોરી, બ્રહ્મચર્ય, સદાચાર અને અસંગ્રહ એ પાંચ વ્રતોનું સ્થૂલપણે પાલન તે અણુવ્રત.

૨. ગુણવ્રત :– પાંચ અણુવ્રતની પુષ્ટિ કરનારાં વ્રત તે ગુણવ્રત. તે ત્રણ છે: ૧. દિક્ પરિમાણવ્રત. ૨. ભોગોપભોગ પરિમાણવ્રત. ૩. અનર્થદંડ વિરમણવ્રત.

૩. શિક્ષાવ્રત :– સાધુજીવનની તાલીમ આપનારાં વ્રત તે શિક્ષાવ્રત. તે ચાર છે. ૧. સામાયિકવ્રત. ૨. દેશાવકાશિકવ્રત. ૩. પોષધોપવાસવ્રત. ૪. અતિથિસંવિભાગવ્રત.

પાંચ અણુવ્રત

## ૧. સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રતના અતિચારોનું પ્રતિક્રમણ.

ગાથા :

**पढमे अणुव्वयम्मि, थूलग–पाणाइवाय–विरइओ ।**
**आयरियमप्पसत्थे, इत्थ पमाय–प्पसंगेणं ॥९॥**
**वह-बंध-छवि-च्छेए, अइभारे भत्त-पाण-वुच्छेए ।**
**पढमवयस्स-इआरे, पडिक्कमे देसिअं सव्वं ॥१०॥**

ભાવગીત :

પ્રથમ અણુવ્રત–સ્થૂલ જીવહિંસા વિરમણવ્રત, અતિચાર થયા,
ક્રોધાવેશે ભાનભૂલી કે પ્રમાદ–ગફ્લતવશ થઈને. ૯.
જીવને માર્યા, બાંધ્યા, અંગો છેદ્યાં, અતિશય ભાર ભર્યો
ખાનપાન ના આપ્યાં, દૈનિક અતિચાર આલોઉં સૌ. ૧૦.

અર્થ :

પ્રથમ અણુવ્રત :– સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રત : સ્થૂલ જીવહિંસાથી અટકવાનું વ્રત : તેમાં પ્રમાદથી–અસાવધપણાથી કે ક્રોધાદિ અશુભ ભાવ થવાથી અતિચાર લાગે તેવું જે કંઈ આચરણ થયું હોય જેમ કે :– જીવોને માર્યા હોય, બાંધ્યા હોય, તેમનાં અંગો છેદ્યાં હોય, અતિશય ભાર ભર્યો હોય તથા ભોજનપાણી ન આપ્યાં હોય કે મોડાં આપ્યાં હોય એવા પહેલા વ્રતના જે કોઈ અતિચાર લાગ્યા હોય તેનું હું પ્રતિક્રમણ કરું છું. ॥ ૯–૧૦ ॥

ધર્મ વૃક્ષનું મૂળ દયા છે. સર્વ જીવોને આત્મવત્ સમજી એમની સાથે દયામય વ્યવહાર રાખવા માટે આ વ્રતનું પાલન કરવાનું છે.

અપ્પસત્થ–અપ્રશસ્તભાવ–નિંદ્યભાવ, નહિ વખાણુવા જેવી વૃત્તિ.
ક્રોધાદિ અશુભભાવ.

સ્થૂલ જીવહિંસા–મોટી મોટી હિંસા.

સૂક્ષ્મ–જીવહિંસા–મન–વચન–કાયાથી, કરણુ–કરાવણુ–
અનુમોદનથી થતી જીવહિંસા.

વિરમણુ–અટકવું તે

સ્થૂલ પ્રાણુાતિપાત વિરમણવ્રત–ત્રસ જીવોની હિંસાનો ત્યાગ
કરવાનું વ્રત.

**प्रमत्तयोगात् प्राण-व्यपरोपणं हिंसा** -તત્ત્વાર્થ- અ.૭/૮

**बन्ध-वध-छविच्छेदाऽतिभाराऽऽरोपणाऽन्नपाननिरोधाः**
-તત્ત્વાર્થ- અ. ૭/૨૦

: ઢાળ :

જીવ હિંસાનાં પચ્ચખ્ખાણુ થૂળથી કરીએ રે,
દુવિહં તિવિહેણું પાઠ, સદા અનુસરીએ રે,
વાસીબોળો વિદળ, નિશિભક્ષ હિંસા ટાળું રે
+સવા વિશ્વા કેરી જીવદયા નિત્ય પાળું રે. આવો આવો–૩
*દશ ચંદરવા દશઠાણુ બાંધીને રહીએ રે
જીવ જાયે એહવી વાત, કેને ન કહીએ રે.
વધ બંધન, ને છવિચ્છેદ ભાર ન ભરીએ રે
ભાતપાણીનો વિચ્છેદ પશુને ન કરીએ રે. આવો આવો–૪
–બારવ્રતની પૂજા

---

+ ગૃહસ્થ સવા વસાની દયા પાળે. મુનિ વીશ વસાની દયા પાળે.

* દશચંદરવા બાંધવાનાં સ્થળ :– ૧. દહેરાસરજીમાં. ૨. ઉપાશ્રયમાં. ૩. પૌષધશાળામાં. ૪. સ્નાનઘરમાં. ૫. ભોજનશાળામાં. ૬. ખાંડણિયાપર. ૭. ઘંટીપર. ૮. પાણિયારાપર. ચૂલાપર. ૧૦. શયનગૃહમાં. કેટલેક ઠેકાણે દશમો ચંદરવો વધારાનો–ફાલતુ રાખવાનો કહ્યો છે.

## ૨. સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રતના અતિચારોનું પ્રતિક્રમણ.

ગાથા :

**बीए अणुव्वयम्मि, परिथूलग–अलियवयण-विरइओ ।**
**आयरियमप्पसत्थे, इत्थ पमाय–प्पसंगेणं ॥११॥**

**सहसा–रहस्स–दारे, मोसुवएसे अ कूडलेहे अ ।**
**बीयवयस्स–इआरे, पडिक्कमे देसिअं सव्वं ॥१२॥**

ભાવગીત :

પ્રમાદથી કે માયાવેશે, વગર વિચાર્યે આળ દીધું,
ગુપ્તવાત બીજાની કે નિજપત્નીની મેં પ્રગટ કરી. ૧૧
જુઠભર્યા ઉપદેશ દીધા વળી જુઠા લેખ લખ્યા, બીજે-
મૃષાવાદ સ્થૂળ વિરમણવ્રતના અતિચાર આલોઉં સૌ. ૧૨

અર્થ:-

બીજું અણુવ્રત–સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રત : સ્થૂલ જુઠું ન બોલવાનું વ્રત, તેમાં પ્રમાદથી કે માયા વગેરે અશુભ ભાવથી અતિચાર લાગે તેવું જે કંઈ આચરણ થયું હોય, જેમકે:- ૧. વગર વિચાર્યે કોઇને આળ દીધાં હોય–દોષિત ઠેરવ્યા હોય ૨. કોઈની ખાનગી વાત જાહેર કરી હોય કે ચાડી ખાધી હોય ૩. સ્ત્રીએ પુરૂષની અને પુરૂષે સ્ત્રીની ગુપ્તવાત–મર્મની વાત ઉઘાડી પાડી હોય ૪. ખોટા ઉપદેશ આપ્યા હોય. ૫. ખોટા દસ્તાવેજ લખ્યા હોય કે ખોટાં ખાતાં પાડયાં હોય વગેરે બીજા વ્રતના જે કોઈ અતિચાર દિવસ દરમિયાન લાગ્યા હોય તેનું હું પ્રતિક્રમણ કરૂં છું ॥ ૧૧-૧૨ ॥

આ વ્રત વાણીનો સદ્‌વ્યવહાર શિખવે છે. અપ્રિય, અપથ્થ અને અતથ્થ વચનો ન બોલવાનું આ વ્રત છે.

આ વ્રતના પાલનથી જીવમૈત્રી દૃઢ થાય છે.

**असदभिधानमनृतम्**- તત્ત્વાર્થ. અ૦૭/૯

**मिथ्योपदेश-रहस्याभ्याख्यान-कूटलेखक्रिया न्यासापहार साकारमन्त्रभेदाः** તત્ત્વાર્થ. અ૦૭./૨૧

: ઢાળ :

૧ પાંચ મોટકાં જૂઠ ન બોલે, મેં બી આશ ભર્યો રે
મોહન મેરો મુક્તિસેં જાઇ મળ્યો-૩
બીજું વ્રત ધરી જૂઠ ન બોલું
પણ અતિચારે ડર્યોરે-મોહન ૦૪
મંત્રભેદ રહ નારી ન કીજે
અછતી આળ હર્યોરે, મોહન૦
કૂટલેખ મિથ્યા ઉપદેશે
વ્રતકો પાણી ઝર્યોરે. મોહન૦૬

—બારવ્રતની પૂજા

---

સ્થૂલ મૃષાવાદ-તીવ્રસંકલેશથી-દુષ્ટ અધ્યવસાયથી જુઠું બોલાય તે
સૂક્ષ્મ મૃષાવાદ-હાસ્ય,રતિ વગેરેથી જુઠું બોલાય તે.
પ્રમાદ-ગફલત, બેદરકારી, અસાવધપણું.
અલિયવયણ-અલીક વચન, જુઠાં વચન.

૧. આ વ્રતમાં પાંચ મોટાં જૂઠાણાં-ન બોલવાનો નિયમ છે.
૧. કન્યા સંબધી જૂઠું બોલવું તે કન્યાલીક.
૨. ગાય-પશુ સંબંધી જૂઠું બોલવું તે ગવાલીક.
૩. ભૂમિ સંબધી જૂઠું બોલવું તે ભૂમ્યલીક.
૪. પારકી થાપણ ઓળવવી તે-ન્યાસાપહાર.
૫. ખોટી સાક્ષી પૂરવી તે કૂટસાક્ષી.

## ૩. સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રતના અતિચારોનું પ્રતિક્રમણ.

ગાથા :

तइए अणुव्वयम्मि, थूलग--परदव्व--हरण--विरइओ
आयरियमप्पसत्थे, इत्थ पमाय--प्पसंगेणं ॥१३॥
तेनाहड--प्पओगे, तप्पडिरूवे विरूद्ध--गमणे अ
कूडतूल--कूडमाणे पडिक्कमे देसिअं सव्वं ॥१४॥

ભાવ ગીત:

સ્થૂલ પરદ્રવ્ય હરણ વિરતિમાં પ્રમાદ કે લોભાવેશે
ચોરને પ્રેર્યા, માલ ખરીદ્યા, માલમાં ભેળ-સંભેળ કર્યા, ૧૩
રાજ્ય વિરૂદ્ધાચાર કર્યા વળી તોલ માપ ખોટાં કીધાં
ત્રીજા અણુવ્રતના અતિચારો દિવસતણા આલોવું સૌ. ૧૪

અર્થ:

ત્રીજું અણુવ્રત-સ્થૂલ પરદ્રવ્ય હરણ વિરમણવ્રતઃ બીજાની માલીકીની ચીજ વસ્તુઓની સ્થૂલ ચોરી ન કરવાનું વ્રતઃ તેમાં પ્રમાદથી કે લોભાદિ અશુભ ભાવથી અતિચાર લાગે તેવું જે કંઇ આચરણ થયું હોય જેમકેઃ-૧. ચોરીનો માલ લીધો હોય ૨. ચોરને ઉત્તેજન આપ્યું હોય, ૩. માલમાં સેળભેળ કરી વેચ્યા હોય. ૪. રાજ્યના કાયદા વિરૂદ્ધ વેપાર કર્યો હોય. ૫. ખોટાં તોલ-માપથી વેપાર કર્યો હોય તેથી ત્રીજાવ્રતના જે કોઇ અતિચારો દિવસ દરમિયાન લાગ્યા હોય તે સર્વનું હું પ્રતિક્રમણ કરૂં છું. ॥૧૩-૧૪॥

ચોરી આ ભવ અને પરભવ બન્ને બગાડે છે. ચોરીની વ્યાપક વ્યાખ્યા સમજી એનાથી અટકવા-વિરમવા માટે આ વ્રતનું પાલન જરૂરી છે.

સ્થૂલચોરી—વ્યવહારથી લોકમાં ચોરી ગણાય તે.
સુક્ષ્મચોરી— મનથી ચોરીનો વિચાર કરવો, વચનથી ચોરને— પ્રોત્સાહન આપવું, લોક જેને ચોરી ન ગણે તેવી વસ્તુઓ જેમ કે તૃણ, ધૂળ વગેરે માલિકની રજા વિના લેવું તે.

अदत्तादानं स्तेयम्  तत्त्वાર્થ. અ. ૭/૧૦
स्तेनप्रयोग तदाहृतादान-विरुद्ध राज्यातिक्रम
हीनाधिक मानोन्मान-प्रतिरूपक व्यवहाराः
तत्त्वાર્થ. અ. ૭/૨૨

: ઢાળ :

ચિત્ત ચોખે ચોરી નવિ કરીએ,
નવિ કરીએ તો ભવજલ તરીએરે. ચિત્ત
સ્વામિ અદત્ત કદાપિ ન લીજે,
ભેદ + અઢારે પરિહરીએ રે. ચિત્ત. ૧
* સાત પ્રકારે ચોર કહ્યો છે, તૃણ,
તુષ માત્ર ન કર ધરીએરે. ચિત્ત ચોખે.
રાજદંડ ઉપજે તે ચોરી,
નાઠું પડયું વળી વિસરીએરે. ચિત્ત ચોખે. ૨
કૂડે તોલે કૂડે માપે, અતિચારે
નવિ અતિચરીએરે. ચિત્ત ચોખે.
આ ભવ પરભવ ચોરી કરતાં
વધ બંધન જીવિત હરીએરે ચિત્ત ચોખે. ૩

ચોરીનું ધન ન ઠરે ઘરમાં,
ચોર સદા ભૂખે મરીએરે, ચિત્ત ચોખે.
ચોરનો કોઈ ધણી નવિ હોવે,
પાસે બેઠાં પણ ડરીએરે, ચિત્ત ચોખે. ૪
પરધન લેતાં પ્રાણુ જ લીધા,
પંચેન્દ્રિય હત્યા વરીએરે, ચિત્ત ચોખે.
વ્રત ધરતાં જગમાં જસ ઉજ્જવળ,
સુરલોકે જઇ અવતરીએરે. ચિત્ત ચોખે. ૫

—બારવ્રતની પૂજા.

---

૧ ચોરીથી બચવા ઇચ્છનારે ૧૮ પ્રકારની ચોર પ્રવૃતિઓ–ચોરને જન્મ આપનારી ક્રિયાઓ (નીચે મુજબ) તજવી.

(१) भलनं कुशलं तर्जा राजभागोऽवलोकनम्
अमार्ग दर्शनं शय्या पदभङ्गस्तथैव च ॥१॥
(२) विश्रामः पादपतनं वासनं गोपनं तथा
खंडस्य खादनं चैव तथाऽन्यन्माहाराजिकम् ॥२॥
(३) पद्याग्न्युदक-रज्जूनां-प्रदानं ज्ञानपूर्वकम्
एताः प्रसूतयो ज्ञेया अष्टादश मनीषिभिः ॥ ३ ॥

૧. **भलनं**–ચોર સાથે ભળી જવું.
૨. **कुशलं**–ચોરને ક્ષેમ કુશળ પુછવા.
૩. **तर्जा**–ચોરી માટે સંજ્ઞા કરવી.
૪. **राजभागः**–રાજ્યનો કર છુપાવવો.
૫. **अवलोकनम्**–ચોરી કરતા ચોરના માર્ગને જોતા રહેવું.
૬. **अमार्गदर्शनम्**–ચોર ક્યાં ગયા ? એમ પૂછનારને સાચો રસ્તો ન બતાવતાં ભળતો માર્ગ બતાવવો.

૭. शय्या–ચોરને પથારી વગેરે આપવાં.
૮. पदभङ्ग–ચોરનાં પગલાં ભૂંસી નાંખવાં.
૯. विश्राम –ચોરને વિસામો આપવો.
૧૦. पादपतनं–ચોરને નમસ્કાર આદિ વિનય કરવો.
૧૧. वासनं–ચોરને આસન આપવું.
૧૨. गोपनं–ચોરને છુપાવવો.
૧૩. खडस्य खादनं–ખંડદાન– ચોરને ખાન પાન આપવાં.
૧૪. महाराजिकम्–ચોરને વધારે પડતું માન આપવું.
૧૫. पद्य–પગનો થાક ઉતારવા ગરમ પાણી કે તેલ આપવું.
૧૬. अग्नि–ચોરને અગ્નિ આપવો.
૧૭. उदकं–ચોરને પાણી આપવું
૧૮. रज्जु–ચોરને દોરડાં આપવાં.

* ૧. સાત પ્રકારના ચોરઃ–

चौरश्च चौरापको मन्त्री भेदज्ञः क्राणविक्रयी ।
अन्नदः स्थानदश्चैव चोरः सप्तविधः स्मृतः ॥

૧. ચોર
૨. ચોરી કરાવનાર,
૩. ચોરીની ગોઠવણ કરનાર,
૪. ચોરની ગુપ્તવાત જાણનાર,
૫. ચોરીની વસ્તુ લેનાર–વેચનાર
૬. ચોરને અન્ન આપનાર,
૭. ચોરને સ્થળ આપનાર એ સાતે પ્રકારના માણસો ચોર કહેવાય છે. માટે તેવી પ્રવૃત્તિથી અટકવું.

## ૪. સ્વદારા સંતોષ પરસ્ત્રી ગમન વિરમણ વ્રતના અતિચારોનું પ્રતિક્રમણ.

ગાથા:

चउत्थे अणुव्वयम्मि, निच्चं परदार--गमण--विरइओ।
आयरियमप्पसत्थे, इत्थ पमाय--प्पसंगेणं ॥१५॥

अपरिग्गहिआ--इत्तर--अणंग--विवाह--तिव्व--अणुरागे।
चउत्थवयस्स--इआरे, पडिक्कमे देसिअं सव्वं ॥१६॥

ભાવગીત:-

પરસ્ત્રી ગમન વિરમણવ્રત માંહે પ્રમાદ કે કામાવેશે
કુમારી-વિધવા-સંગકર્યો ને રખાત-વેશ્યા-ગમન કર્યું

અનંગક્રીડા કરી વિવાહ જોડયા, વિષયે અતિ અભિલાષ ધર્યો
ચોથા અણુવ્રતના અતિચારો દિનસેવ્યા આલોવું સૌ. ૧૫-૧૬.

અર્થ:-

ચોથું અણુવ્રત-સ્થૂલ મૈથુન વિરમણવ્રતઃ સ્વદારાસંતોષ-પરસ્ત્રી ગમન વિરમણવ્રતઃ પોતાની પત્ની સાથે સંતોષ પૂર્વક રહેવાનું અને સદાને માટે પરસ્ત્રીનો ત્યાગ કરવાનું વ્રતઃ તેમાં:- પ્રમાદ વશાત્ અશુભ ભાવથી-કામાવેશે અતિચાર લાગે તેવું જે કંઈ થયું હોય જેમ કે:- ૧. કુમારી કે વિધવા સાથે સંગ કર્યો હોય, ૨. રખાત કે વેશ્યા સાથે ગમન કર્યું હોય ૩. કામોત્તેજક ચેષ્ટાઓ કે સૃષ્ટિવિરૂદ્ધ કર્મ કર્યું હોય ૪. અન્યનાં બાળકોનાં વિવાહ-લગ્ન કર્યાં-કરાવ્યાં હોય. ૫. વિષય ભોગની અતૃપ્તપણે

તીવ્ર અભિલાષા–આસક્તિ કરી હોય, વગેરેથી ચોથા વ્રતમાં દિવસ દરમિયાન જે કોઈ અતિચાર લાગ્યા હોય તે સર્વનું હું પ્રતિક્રમણ કરૂં છું. ૧૫-૧૬ઃ

મનની મલીન વાસનાઓ કે જે પરસ્ત્રી તરફ દોડે છે, અને સ્વસ્ત્રી પ્રત્યે દ્રોહી બનાવે છે, તે વાસનાઓને નાથવા માટે અને એ રીતે પવિત્ર રહેવા માટે આ વ્રતના પાલનનો ઉપદેશ છે. સ્વદારા સંતોષ વ્રત વાળાને આ પાંચ અતિચારમાંથી પહેલા બે અનાચાર છે.

અનંગક્રીડા–કામોત્તેજક ચેષ્ટા. સૃષ્ટિવિરૂદ્ધ કર્મ.

**मैथुनमब्रह्म** —તત્ત્વાર્થ. અ.૭/૨૨

**पर विवाहकरणेत्वर परिगृहीताऽपरिगृहीतागमनाऽनंग-क्रीडा-तीव्रकामाभिनिवेशाः** —તત્ત્વાર્થ. અ. ૭/૨૩

: ઢાળ :

એ વ્રત જગમાં દીવો, મેરે પ્યારે ! એ વ્રત જગમાં દીવો.
પરમાતમ પૂજીને વિધિશું, ગુરૂ આગળ વ્રત લીજે,
અતિચાર પણ દૂર કરીને પરદારા દૂર કીજે–મેરે પ્યારે૦
નિજ-નારી સંતોષી શ્રાવક, અણુવ્રત ચોથું પાળેઃ
દેવ, તિરિ, નરનારી નજરે, રૂપરંગ નવિ ભાળે, મેરે પ્યારે ૦
વ્રતને પીડા કામની ક્રીડા, દુરગંધા જે બાલી,
નાસા વિણ નારી પણ રાગે, પંચાશકમાં ટાળી મેરે પ્યારે૦
વિધવા નારી બાળ કુમારી વેશ્યા પણ પરજાતિ,
રંગે–રાતી દુર્બળ છાતી નર–મારણ એ કાતી. મેરે પ્યારે૦
પરનારી હેતે શ્રાવકને નવ વાડો નિરધારી
નારાયણ ચેડા મહારાજે કન્યાદાન નિવારી મેરે પ્યારે૦

**–બારવ્રતની પૂજા.**

## ૫. પરિગ્રહ પરિમાણ વ્રતના અતિચારોનું પ્રતિક્રમણ.

ગાથાઃ

इत्तो अणुव्वए पंचमम्मि आयरिअमप्पसत्थम्मि ।
परिमाण--परिच्छेए, इत्थ पमाय--प्पसंगेणं ॥१७॥

धण--धन्न--खित्त--वत्थू , रुप्प-सुवन्ने अ कुविअ-परिमाणे
दुपए चउप्पयम्मि य, पडिक्कमे देसियं सव्वं ॥१८॥

ભાવગીતઃ

મોહવશે, ધનધાન્ય, ક્ષેત્ર-ઘર, સોનું-રૂપું, ઘર-વખરી,
નોકર-ચાકર, પશુ પક્ષી સૌ પ્રમાણથી અધીકાં રાખી.

વ્રત પરિગ્રહ-પરિમાણ વિષે એમ પ્રમાદથી જે દોષ થયા,
પંચમ અણુવ્રતના અતિચારો, દિન સેવ્યા આલોવું સૌ.૧૭-૧૮

અર્થઃ-

પાંચમું અણુવ્રત-પરિગ્રહ પરિમાણ વ્રતઃ પરિગ્રહની મર્યાદા બાંધવાનું વ્રતઃ તેમાં પ્રમાદના પ્રસંગથી, અશુભ ભાવથી-લોભવશે કે મોહવશે અતિચાર લાગે તેવું જે કંઈ થયું હોય જેમકે ૧. ધનધાન્ય ૨. ક્ષેત્ર-ખેતર, ઘર, ૩. સોનું-રૂપુ, ૪. રાચરચીલું, ૫. બે પગવાળા નોકર ચાકર તથા ચાર પગવાળા ઢોરઢાંખર વગેરે નક્કી કરેલા પ્રમાણ કરતાં વધારે રાખ્યાં હોય તેથી જે કોઈ અતિચાર દિવસ દરમિયાન લાગ્યા હોય તેનું હું પ્રતિક્રમણ કરૂં છું. ॥ ૧૭-૧૮ ॥

---

પરિગ્રહ-પાપ પ્રવૃત્તિમાં પકડી રાખે તે. વસ્તુ પરની મૂર્છા.

પરિગ્રહવૃત્તિ એ સર્વપાપોની જનેતા છે. જ્યાં સુધી પરિગ્રહ ત્યાંસુધી તન મનના ક્લેશ અને અશાંતિ ! એ ક્લેશ અને અશાંતિને મિટાવી, પુદ્દગલ–પરિગ્રહથી મુક્તિ મેળવવા આ વ્રતનું પાલન આવશ્યક છે.

**मूर्च्छा परिग्रहः** —તત્ત્વાર્થ. અ૦૭/૧૨

**क्षेत्र वास्तु–हिरण्यसुवर्ण–धनधान्य–दासी दास–कुप्य –प्रमाणातिक्रमाः** —તત્ત્વાર્થ. અ૦૭/૨૪

દુહા.

અણુવ્રત પંચમ આદરી પાંચ તજી અતિચાર,
જિનવર ધૂપે પૂજીએ ત્રિશલા માત મલ્હાર.

: ઢાળ :

નવવિધ પરિગ્રહ–પરિમાણ આનંદાદિકની પરેરે,
અથવા ઇચ્છા–પરિમાણ ધનધાન્યાદિકનું કરેરે,
વળી સામાન્યે ષટ્ ભેદ, ઉત્તર ચોસઠ દાખિયારે,
દશવૈકાલિક નિરયુક્ત ભદ્રબાહુ ગુરૂ ભાખિયારે. મનમોહનજી.
—બારવ્રતની પૂજા.

**सन्तोषामृत तृप्तानां यत्सुखं शान्तचेतसाम् ।**
**कुतस्तद्धनलुब्धानामितश्चेतश्च धावताम् ॥**

સંતોષામૃતથી તૃપ્તથયેલા શાંત ચિત્તવાળા માણસોને જે સુખ મળે તે ધનમાં લુબ્ધ થયેલા–ધનઘેલા અને ધન માટે સતત આમ તેમ દોડતા માણસને ક્યાંથી મળી શકે ? આ વ્રત સંતોષ રાખવાનું શીખવે છે.

ત્રણ ગુણવ્રત

## ૬. દિક્ પરિમાણવ્રતના અતિચારોનું-પ્રતિક્રમણ.

ગાથા :

**गमणस्स य परिमाणे, दिसासु उड्ढं अहे अ तिरिअं च।**
**वुड्ढी सइ-अंतरद्धा, पढमम्मि गुणव्वए निंदे ॥१९॥**

ભાવગીત:

ઊંચી-નીચી-તિરછી દીશામાં ગમન વધ્યું, દિશ વધઘટ થઈ,
સ્મૃતિ ગુમાવી, દિક્-પરિમાણે ગુણવ્રત દોષો નિંદુ સૌ-૧૯

અર્થ:

છઠું દિક્ પરિમણવ્રત: દરેક દિશામાં કેટલે દૂર જવું આવવું મુસાફરી કરવી તેનું પ્રમાણ-માપ નકકી કરવાનું વ્રત. તે પહેલું ગુણવ્રત તેમાં:- ૧. ઊર્ધ્વ દિશામાં ઉંચે ૨. અધો દિશામાં-નીચે ૩. તિર્યગ્દિશામાં-ચાર દિશામાં અને (ચારખુણામાં) વિદિશામાં જવા આવવાના નિયમ કરતાં અજાણપણે વધારે જવાયું હોય તેમજ ૪. ક્ષેત્રવૃદ્ધિ એટલે ઉર્ધ્વ, અધો અને તિર્યગ્દિશામાં જવા આવવાની જે મર્યાદા નકકી કરી હોય તેમાં લોભવશાત્ કે કાર્ય વશાત્ એક દિશાનું પ્રમાણ ઘટાડી બીજી દિશાનું પ્રમાણ વધાર્યું હોય, ૫. સ્મૃતિઅન્તર્દ્ધા-વિસ્મરણ થવાથી-ભૂલી જવાથી વ્યાકૂળતાથી અથવા પ્રમાદથી કે મતિવિભ્રમથી ઉપર મુજબની દિશાઓમાં જવા આવવાના નિયમ કરતાં વધારે જવાયું હોય એવા જે કોઈ અતિચાર લાગ્યા હોય તેનું નિંદા સ્વરૂપે પ્રતિક્રમણ કરૂં છું. ૧૯.

સાધનામાં ચિત્તની એકાગ્રતા અતિ આવશ્યક છે. મનની સ્થિરતા સાધવા કાયાની સ્થિરતા જરૂરી છે. માનસિક ચંચળતામાં કાયિક ચંચળતા અસાધારણ કારણ છે. એ કાયાને સ્થિર કરવા પરિભ્રમણ–મુસાફરી વગેરે મર્યાદિત કરવાં એ અત્યંત જરૂરી છે. તેથી આ વ્રતમાં જવા આવવાનું માપ નકકી કરવામાં આવે છે. અને તે માટે જરૂરી જાગૃતિ રાખવાની સમજણ આપેલ છે.

**ऊर्ध्वाऽधस्तिर्यग् व्यतिक्रम–क्षेत्रवृद्धि–स्मृत्यन्तर्धानानि ।**

–તત્ત્વાર્થ. અ૦ ૭૨/૫

:ઢાળ:

સાહિબ શિવ વસિયા,<br>
શિવ વિસિયા ને મારે મન વસ્યારે,<br>
દિલ વસિયા મહારાજ સાહિબ.<br>
પૂજ્યની પૂજા તિમ કરી રે,<br>
કરૂં *આશા પરિમાણ, સાહિબ.<br>
ચારદિશા +વિમળા +તમા રે,<br>
હિંસાએ પચ્ચખાણ. સાહિબ૦<br>
આશ કરું અરિહા તણીરે,<br>
પાંચ તજી અતિચાર. સાહિબ૦ ૩.

—બાર વ્રતનીપૂજા.

---

* આશા પરિમાણ–દિશા પરિમાણ.
+ વિમળા–ઊર્ધ્વ દિશા
+ તમા–અધો દિશા

## ૭. ભોગોપભોગ (ઉપભોગ-પરિભોગ) પરિમાણ વ્રતના અતિચારોનું-પ્રતિક્રમણ.

ગાથાઃ

मज्जम्मि अ मंसम्मि अ पुप्फे अ फले अ गंध-मल्ले अ।
उवभोग-परिभोगे, बीअम्मि गुणव्वए निंदे ॥२०॥
सच्चित्ते पडिबद्धे, अपोल--दुप्पोलियं च आहारे।
तुच्छोसहि--भक्खणया, पडिक्कमे देसियं सव्वं ॥२१॥
इंगाली---वण---साडी---भाडी---फोडी--सुवज्ज एकम्मं।
वाणिज्जं चेव दंत-लक्ख-रस-केस-विस--विसयं ॥२२॥
एवं खु जंतपीलण-कम्मं निल्लंछणं च दव--दाणं।
सर-दह-तलाय-सोसं, असइ-पोसं च वज्जिज्जा ॥२३॥

ભાવગીતઃ

મદ્ય માંસ તજવામાં, ફળ-ફૂલ,સુગંધ માલા વાપરતાં
દોષ થયા બીજા ગુણવ્રતના ઉપ-પરિ-ભોગે નિંદુ સૌ. ૨૦
સચિત્ત, સચિત્તથી યુક્ત ને કાચું અધકાચું વળી તુચ્છફળો,
ભક્ષણ કરતાં ઉપ-પરિ-ભોગે અતિચાર આલોઉં સૌ. ૨૧
કર્મતજું અંગારતણું વન-વાહન-ભાડાં-સ્ફોટકનું
દાંત, લાખ, રસ, કેશ, વિષને શસ્ત્રોનો વ્યાપાર તજું ૨૨
યંત્રપીલણનું, અંગછેદનનું, વનદવનું, જલશોષણનું
અસતીપોષણ કર્મતજું, વળી અતિચાર આલોઉં સૌ. ૨૩

**અર્થ:**

: સાતમું (ભોગોપભોગ) ઉપભોગ-પરિભોગ પરિમાણવ્રત:

: ભોગમાં વિવેક:

ભોગ અને ઉપભોગના પદાર્થોની મર્યાદા કરવાનું વ્રત. તે બીજું ગુણવ્રત. તેમાં:-દારૂ અને માંસ નહીં વાપરવાના નિયમમાં કે તે વાપરવાનું પ્રમાણ ઓળંગતાં તથા પુષ્પ, ફળ સુગંધી પદાર્થો અને માળા વગેરેના ઉપભોગનું નક્કી કરેલ પ્રમાણ ઓળંગતાં જે કોઈ અતિચાર લાગ્યા હોય તેની હું નિંદા કરૂં છું. ૨૦

: ભોજનમાં વિવેક:

નક્કી કરેલા પ્રમાણ કરતાં વધુ ૧. સચિત્ત આહાર ખાવાથી, ૨. સચિત્ત સાથે જોડાયેલ આહાર ખાવાથી, ૩. પકવ્યા વગરનો કાચો આહાર ખાવાથી ૪. અર્ધ કાચો પાકો આહાર ખાવાથી, અને ૫. તુચ્છફળ (બોર જેવાં) ખાવાથી દિવસ દરમિયાન જે કોઇ અતિચાર લાગ્યા હોય તે સર્વનું હું પ્રતિક્રમણ કરૂં છું. ૨૧.

: વ્રતધારીએ તજવા જેવા પંદર ધંધા:

૧. અંગારકર્મ-અગ્નિનો ખૂબ ઉપયોગ થાય તેવું-લુહાર, સોની ભાડભુંજાનું કામ ૨. વનકર્મ-જંગલ કપાવવાનું, તેનાં લાકડાં-વનસ્પતિ વેચવાનું, બાગ બગીચાનું કામ ૩. શકટકર્મ-ગાડાં મોટર, વિમાન વગેરે વાહન બનાવવાનો ધંધો ૪. ભાટકકર્મ-વાહનો તથા જાનવરો ભાડે આપવાનો ધંધો ૫. સ્ફોટકકર્મ-અનાજદળવા ખાંડવાનો તથા કુવા, તળાવ, ખાણ ખોદવાનો ધંધો હું છોડી દઉં છું. તથા એજ રીતે:-૬. હાથીદાંતનો વેપાર, ૭. લાખનો વેપાર, ૮. રસનો-દુધ, દહી, ઘી, તેલનો વેપાર,

૯. કેશનો વેપાર–ઊન વગેરે વાળનો તથા કેશવાળાં દાસદાસી અને ગાય ઘોડાનો વેપાર, ૧૦. ઝેરનો, ઝેરી પદાર્થોનો અને હિંસક શસ્ત્રોનો વેપાર છોડી દઉં છું. ૨૨

તથા ખેરખર એજ રીતે

૧૧. યંત્રપીલણકર્મ–યંત્રો ચલાવીને કે વેચીને આજીવિકા રળવાનો ધંધો ૧૨. નિર્લાંછનકર્મ–પશુ, પક્ષી તથા મનુષ્યનાં અંગો છેદવાનું કર્મ. ગર્ભાશય અંડકોષ જનનેન્દ્રિય વગેરે કાપવાનો–ખસી કરવાનો ધંધો.

૧૩. દવદાનકર્મ–જંગલ, ખેતર વગેરે બાળવાનો ધંધો.

૧૪. જળશોષણ કર્મ–સરોવર, કુંડ, તળાવ વગેરે સુકાવવાનો ધંધો.

૧૫. અસતી પોષણ કર્મ–ધનકમાવા માટે દાસ, દાસી, નટ, વેશ્યા, પશુ, પક્ષી વગેરે પોષવાં, વેચવાં ખેલ કરવા કુટણખાનાં ચલાવવાં વગેરે ક્રુર કર્મો–ધંધાઓ હું છોડી દઉછું તથા એવા પંદર કર્માદાનમાં જે કોઇ અતિચાર લાગ્યા હોય તેનું હું પ્રતિક્રમણ કરૂં છું ॥ –૨૩ ॥

મનની અસ્થિરતા, ચંચળતામાં બીજું કારણ છે ઉપભોગ–પરિભોગની વિપુલતા અને વિશાળતા. ઉપભોગ–પરિભોગના પદાર્થોની મર્યાદા કર્યા વિના મનની ચંચળતા ઓછી ન થાય ચંચળતા ઘટયા વિના ધર્મમાં મન સ્થિર ન બને અને ધર્મમાં સ્થિર બન્યા વિના મોક્ષ માર્ગે ચાલી ન શકાય. તેથી આ વ્રતમાં ઉપભોગ પરિભોગના પદાર્થોની મર્યાદા કરવાનું કહેલ છે. ઉપરાંત આ વ્રત વ્યવસાયમાં–ધંધામાં વિવેક અને ભોજનમાં વિવેક શિખવે છે. વ્યવસાયમાં ક્રુરતા તજવાનું અને ભોજનમાં લાલસા તજવાનું કહે છે.

**सचित-संबद्ध-संमिश्रा-ऽभिषव- दुष्पक्वाहारा:**

-तत्त्वार्थ અ૦ ૭/૩૦

દુહા

ઉપભોગે પરિભોગથી સપ્તમ વ્રત ઉચ્ચાર,
બીજું ગુણવ્રત એહના વીશ તજો અતિચાર.

ઢાળ

ફૂલ તંબોળ અન્ન ઉપભોગમાં રે લોલ
ઘરનારી ચીવર પરિભોગ જો,
કરી માન નમું નિત્ય નાથને રે લોલ.
જેથી જાયે ભવોભવ શોગ જો.
મને સંસાર શેરી વીસરી રે લોલ. ૨.

પ્રભુપૂજા રચું અષ્ટ મંગળે રે લોલ, પરહાંસી તજી અતિ રોષ જો,
અતિ ઉદ્ભટ વેશ ન પહેરીએ રે લોલ, નવિ ધરીએ મલિનતા વેશ જો,
ચાર મોટી વિગય કરી વેગળી રે લોલ, દશબાર અભક્ષ્ય નિવાર જો,
તિહાં રાત્રિ ભોજન કરતાં થકાં રે લોલ, મંજાર ઘુઅડ અવતાર જો
ગાડાં વહેલ વેચે ને ભાડાં કરે રે લોલ, અંગાર કરમ વનકર્મ જો
સર કૂપ ઉપળ ખણતાં થકાં રે લોલ, નવિ રહે શ્રાવકનો ધર્મ જો
વિષ શસ્ત્ર વેપાર દાંત લાખનો રે લોલ, રસ કેશ નિર્લંછન કર્મ જો
શુક મેના ન પાળીએ પાંજરે રે લોલ, વન દાહે દહે શિવશર્મ જો.
યંત્રપીલણુ સર નવિ શોષીએ રે લોલ, તેણે કરજો મયા મહારાજ જો.
નહિં ખોટ ખજાને, દીજીએ રે લોલ, શિવરાજ વધારી લાજ જો.

—બારવ્રતની પૂજા.

---

ઉપભોગ—એકવાર ભોગવાય તે આહાર, તંબોલ, પુષ્પાદિ.
પરિભોગ—વારંવાર ભોગવાય તે ઘર, સ્ત્રી, વસ્ત્ર વગેરે.
સચિત્ત—સજીવ. જીવવાળી.

# અનર્થદંડ વિરમણવ્રતનું સ્વરૂપ અને તેના અતિચારોનું પ્રતિક્રમણ.

ગાથા :

सत्थग्गि--मुसल--जंतग--तण-कट्ठे मंत--मूल--भेसज्जे ।
दिन्ने दवाविए वा, पडिक्कमे देसिअं सव्वं ॥२४॥

ण्हाणुव्वट्टण--वन्नग--विलेवणे सद्द--रूव--रस--गंधे ।
वत्थासण--आभरणे, पडिक्कमे देसिअं सव्वं ॥२५॥

कंदप्पे कुक्कुइये, मोहरि--अहिगरण--भोग--अइरित्ते ।
दंडम्मि अणट्ठाए, तइअम्मि गुणव्वए निंदे ॥२६॥

ભાવગીત :

જીવઘાતક વસ્તુઓ આપવા રૂપ અનર્થદંડ.

શસ્ત્રાગ્નિ, સાંબેલાં, યંત્રો, ઘાસ કાષ્ઠ મૂળ મંત્ર દવા
અપાવતાં, વિણકારણ દેતાં, દોષ થયા આલોઉં સૌ. ૨૪.

પ્રમાદાચરણરૂપ અનર્થદંડ.

સ્નાન, પીઠી, ચિત્રણ, વિલેપન, શબ્દ, રૂપ, રસ; ગંધ વિષે
આસન, વસ્ત્રાભૂષણ સજતાં, દોષ થયા આલોઉં સૌ ૨૫
મશ્કરી, ચાળા, લવરી, સાધન–સજીમૂકવાં, ભોગાસક્તિ,
ત્રીજા ગુણવ્રત અનર્થદંડે અતિચાર આલોઉં સૌ. ૨૬

---

અનર્થદંડ—જે ક્રિયાથી જીવ વિના કારણ (અનિવાર્ય કારણ વિના પણ) દંડાય- મરણપામે તે અનર્થદંડ.

અર્થ :

આઠમું અનર્થદંડ વિરમણવ્રત : ખાસ-અંગત કારણ વિના આત્મા દંડાય તેવી પ્રવૃત્તિથી અટકવાનું વ્રત : તે ત્રીજું ગુણવ્રત. તેમાં :-

શસ્ત્રો, અગ્નિ, સાંબેલાં વગેરે સાધનો, ઘંટી વગેરે યંત્રો, દર્ભઆદિ ઘાસ અથવા ઘાસમાં પડેલ જીવાત મારવાની ઔષધિ અથવા બહુકરી-સાવરણી વગેરે ઘાસ. ઈંટ, લાકડીઓ, ઇંધણ વગેરે કાષ્ટ. વશીકરણ આદિ મંત્ર, નાગદમની આદિ જડીબુટ્ટીઓ કે ગર્ભકૃશકરવાની કે પાડવાની ક્રિયારૂપ મૂલકર્મ. ગર્ભાધાન, ગર્ભાપાત કે ઉચ્ચાટનાદિ માટે જુદી જુદી વસ્તુઓ મેળવી તૈયાર કરેલ દવા-ભેષજ. વગેરે વિના પ્રયોજને બીજાને આપતાં કે અપાવતાં સેવાએલા અનર્થદંડ વડે દિવસ દરમિયાન જે કોઈ અતિચાર લાગ્યા હોય તે સર્વનું હું પ્રતિક્રમણ કરૂં છું ૨૪

પ્રમાદા ચરણ રૂપ અનર્થદંડ

યતના વિના (બે કાળજીથી) અને વિવેક વિના કરેલ સ્નાન, પીઠી ચોળવી, વર્ણક-શરીરે રંગ-ચિત્રામણ-લીપસ્ટીક લગાવવાં, વિલેપન-પફ, પાઉડર છાંટવાં કે સુગંધિ વિલેપન કરવાં તથા શબ્દ, રૂપ, રસ, ગંધમાં ખૂબ આસક્તિ કરવી. પરસ્ત્રીના શબ્દો કે રૂપ પાછળ પાગલ થવું. સંગીતમાં લુબ્ધ થવું.

શબ્દલાલસા અને રૂપલાલસાની તૃપ્તિ માટે નાટક સીનેમા કે જલસા પાછળ આંધળી દોટ દેવી.

વસ્ત્રોની તથા આભૂષણોની ટાપટીપ, વરણાગીયા વેડા. અવનવી ફેશન અને સંગ્રહનો મોહ. આસન ફરનીચર વગેરે અવ નવાં વસાવ્યે જ જવાં-તૃપ્તિ વિનાનો સંઘરો. એવી એવી લાલસાથી-આસક્તિથી તથા આરંભાદિકથી સેવાયેલા પ્રમાદાચરણ રૂપ અનર્થદંડ વડે દિવસ દરમિયાન જે કોઇ અતિચાર લાગ્યા હોય તેનું હું પ્રતિક્રમણ કરૂં છું. ૨૫.

## અનર્થદંડ વિરમણવ્રતના પાંચ અતિચારો

આઠમા અનર્થદંડ વિરમણવ્રત નામના ત્રીજા ગુણવ્રતમાં

૧. કંદર્પ–અશ્લીલ–બિભત્સ શબ્દો બોલવાથી. મશ્કરી અને ગાળાગાળી કરવાથી.
૨. કૌકુચ્ય–કુચેષ્ટા અને હાસ્યજનક ચાળા કરવાથી.
૩. મૌખર્ય– અસંબંદ્ધ અને અસભ્ય બોલવાથી.
૪. સંયુકતાધિકરણ–હિંસા થાય તેવી ઘરવપરાશની ચીજો તથા હિંસકશસ્ત્રો તૈયાર કરી રાખવાથી.
૫. ભોગાતિરેક–ભોગનાં સાધનો જરૂર કરતાં વધારે રાખવાથી કે વિવેક ચૂકી આસક્તિથી તેનો ઉપયોગ કરવાથી.

જે કોઇ અતિચાર લાગ્યા હોય તેની હું નિંદા કરૂં છું. ૨૬

ગૃહસ્થ જીવન જીવવામાં જે પાપોનું આચરણ કરવું જરૂરી નથી, એવાં પાપોનો ત્યાગ કરવાનું અહિં કહેવાયું છે. સદ્‌ગૃહસ્થ તરીકે જીવતાં અણછાજતાં પાપોની વૃત્તિ અને પ્રવૃત્તિ રોકે જ છૂટકો. આપણા મનોરંજન ખાતર બીજા જીવોના પ્રાણ લેવાનો આપણને અધિકાર નથી.

નકામી વેડફાઇ જતી શકિત બચાવવા, શકિતનો સદુપયોગ શીખવવા અને ઉચ્ચ જીવનની તાલીમ આપવા આ વ્રત જરૂરી છે. આ વ્રત ક્ષુદ્ર હાસ્ય–શોક–આનંદ અને નકામી પ્રવૃત્તિ તથા પ્રમાદાચરણમાં વિવેક શિખવે છે. શિસ્ત અને સભ્યતા શિખવે છે.

---

સાધન સજી મૂકવાં–હિંસા થાય તેવી ઘર વપરાશની ચીજો તથા હિંસક શસ્ત્રો તૈયાર કરી રાખવાં.

અહિગરણ– સંયુક્તાધિકરણ–પોતાની જરૂરીઆત વિના હિંસકસાધનો તૈયાર રાખવાં જેમકે કારતુસ ભરેલી બંધુક.

कन्दर्प कौकुच्य-मौखर्या-ऽसमीक्ष्या-ऽधिकरणोपभोगाऽधिकत्वानि —તત્ત્વાર્થ. અ.૭/૨૭

દુહા

દંડાયે વિણ હેતુએ વળગે પાપ પ્રચંડ,
પ્રભુ પૂજી વ્રત કારણે તે કહું અનરથદંડ.
સ્વજન શરીરને કારણે પાપે પેટ ભરાય,
તે નવિ અનરથ દંડ છે, એમ ભાખે જિનરાય.

ઢાળ

ધ્યાન આરત રૌદ્ર મંડિયો,
ઠામ ઠામ અનર્થે દંડિયો જી હો,
નેક નજર કરો નાથજી.
ઉપદેશ મેં પાપનો દાખિયો,
કૂટી વાતે થયો હું સાખિયો જી હો. નેક. ૨
આરંભ કર્યા ઘણી ભાતના,
મેં તો યુદ્ધ કર્યાં કેઈ જાતનાં જી હો. નેક.
રથ-મૂશળ માગ્યાં આપીયાં,
જાતાં પંથે તે તરુવર ચાંપિયાં જી હો. નેક. ૩
વળી વાદે તે વૃષભ દોડાવિયાં,
કરી વાતો ને લોક લડાવિયા જી હો. નેક.
ચાર વિકથા એ પુન્યધન હારિયો,
જેમ અનીતિપુરે વ્યવહારિયો જી હો. નેક. ૪
તિમ અરિહાની આણા પાળશું,
વ્રત લેઈને પાપ પખાળશું જી હો. નેક.
અતિચાર તે પાંચ નિવારશું,
ગુરુશિક્ષા તે દિલમાં ધારશું જી હો. નેક. ૫

—બારવ્રતની પૂજા.

ચાર શિક્ષાવ્રત

## ૯. સામાયિકવ્રતના અતિચારોનું પ્રતિક્રમણ.

ગાથા.

**तिविहे दुप्पणिहाणे, अणवट्ठाणे तहा सइ--विहूणे ।**
**सामाइय वितह--कए, पढमे सिक्खावए निंदे ॥२७॥**

ભાવગીત:

મન વચ કાયની દુષિત ક્રિયાથી, અસ્થિરતાથી, વિસ્મૃતિથી
પ્રથમ શિક્ષાવ્રત સામાયિકમાં વિરાધના થઇ નિંદુ છું. ૨૭.

અર્થ :

નવમું સામાયિકવ્રત : સ્થિરતા, સ્વસ્થતા અને સમભાવ કેળવવાનું વ્રત : બે ઘડી સાધુજીવનની તાલીમ લેવાનું વ્રત : તે પહેલું શિક્ષાવ્રત. : સામાયિક લઇને ૧. મનમાં સંકલ્પ વિકલ્પ કર્યા હોય. ૨. કર્કશ વચન-દુઃખ થાય તેવાં કે પાપપ્રવૃત્તિ થાય તેવાં વચન બોલાયાં હોય. ૩. વિના કારણ, પ્રમાર્જન વિના શરીરનાં અંગો હલાવ્યાં હોય. ૪. અસ્થિરતાથી, ઉતાવળથી કે અનાદરથી સામાયિક વહેલું પાયુ હોય-પુરૂં કર્યું હોય. ૫. સામાયિક લેવા પારવાનો સમય ભૂલી જવાયો હોય તેથી સામાયિક વ્રતની જે કંઇ ખંડના-વિરાધના થઇ હોય તેની હું નિંદા કરૂં છું. ૨૭.

---

સામાયિક-જેનાથી સમભાવ કેળવાય તે સામાયિક.

સાવદ્ય પ્રવૃત્તિનો તથા દુર્ધ્યાનનો ત્યાગ કરી બે ઘડી (૪૮-મિનિટ) શુભભાવમાં-સમભાવમાં રહેવું તે સામાયિક.

સામાયિક બે ઘડીનું ચારિત્ર છે.

માનસિક, વાચિક અને કાયિક સ્થિરતા, સ્વસ્થતા અને પ્રસન્નતા કેળવવાનો આ પ્રયોગ છે. આ પ્રયોગથી જ આપણે સ્થિર, સ્વસ્થ અને પ્રસન્ન બની ધર્મના આનંદને અનુભવી શકીશું

**योगदुष्प्रणिधानाऽनादर-स्मृत्यनुपस्थापनानि ।**

તત્વાર્થ. અ. ૭/૨૮

ઢાળ

હે સુખકારી ! આ સંસાર થકી જો મુજને ઉદ્ધરે.
હે ઉપકારી ! એ ઉપકાર તુમારો કદીય ન વીસરે.

નવમે સામાયિક ઉચ્ચરીએ, અમે દર્પણની પૂજા કરીએ,
નિજ આતમરૂપ અનુસરીએ, સમતા સામાયિક સંવરીએ. હે સુ.

સામાન્યે જિહાં મુનિવર ભાળે, અતિચાર પાંચ એહના ટાળે,
સાધુ પરે જીવદયા પાળે, નિજઘરે ચૈત્યે પૌષધશાળે. હે સુખકારી.

એણી રીતે ગુરુ પાસે આવી, કરે સામાયિક સમતા લાવી.
ઘડી બે સામાયિક ઉચ્ચરીએ, વળી બત્રીસ દોષને પરિહરીએ. હે સુ.

—બારવ્રતની પૂજા.

---

વિરાધના- ભંગ-ઇરાદાપૂર્વકનો ભંગ.

## ૧૦. દેશાવકાશિકવ્રતના અતિચારોનું પ્રતિક્રમણ.

ગાથા.

आणवणे पेसवणे, सद्दे रूवे अ पुग्गल-क्खेवे ।
देसावगासिअम्मि, बीए सिक्खावए निंदे ॥२८॥

ભાવગીત :

મંગાવ્યું, સ્થળ બહાર મોકલ્યું, શબ્દ-રૂપ-પુદ્ગલ ફેંકી
છતા થવાથી દોષ થયા, તે વ્રતદશમે હું નિંદુ સૌ. ૨૮.

અર્થ–

દશમું દેશાવકાશિક વ્રત : એક નકકી કરેલા સ્થળમાં નકકી કરેલ સમયસુધી રહી બારવ્રતના નિયમોનો સંક્ષેપ કરવાનું તથા ચૌદ નિયમ ધારવાનું વ્રત તે બીજું શિક્ષાવ્રત. તેમાં, વ્રત લઈ બેઠેલા–નકકી કરેલા ૧ સ્થળ બહારથી કંઇ મંગાવ્યું હોય. ૨. સ્થળ બહાર કંઇ મોકલ્યું હોય. ૩. શબ્દથી, ૪. રૂપથી કે ૫. ચીજવસ્તુ ફેંકીને પોતાની હાજરી બતાવી હોય તેથી જે કોઇ અતિચાર લાગ્યા હોય તેની હું નિંદા કરૂં છું. ૨૮.

દેશાવકાશિકવ્રત :— આ વ્રત મનુષ્યના દૈનિક જીવનમાંથી બાહ્યપ્રવૃતિઓ ઘટાડવા માટે છે. 'આવશ્યકતાઓ ઓછી કરવી એજ પરમશાંતિનો માર્ગ છે.' આ સિદ્ધાંતના આધારે અહિં ત્યાગનો રચનાત્મક માર્ગ બતાવાયો છે. અર્થાત્ ૧૪ નિયમ ધારવા માટે કહેવાયું છે. આ વ્રતનું પાલન કરવા એક દિવસ કાઢવો તેમાં ૧૦ સામાયિક કરવાનાં, એમાં લીધેલાં સર્વ વ્રતોને વિચારી જવાનાં, એનું પાલન કેવું થયું? એનાથી વિશેષ કડક પાલન થઇ શકે કે કેમ? અર્થાત્ સરવૈયું કાઢી પુનઃ નવા ધર્મવ્યાપારની યોજના બનાવવાની.

**દેશાવકાશિક વ્રત :–** ૧. છઠ્ઠા દિક્ પરિમાણુ વ્રતનો સંક્ષેપ કરવો, અને તેનું વિશિષ્ઠ રીતે પાલન કરવું તે.

૨. સર્વવ્રતોનો સંક્ષેપ કરવો, અને ૧૪ નિયમ ધારવા.

**आनयन-प्रेष्यप्रयोग-शब्दरूपानुपातपुद्गलक्षेपाः**

—તત્ત્વાર્થ. અ. ૭/૨૫

ઢાળ.

દશમે દેશાવગાસિકેરે ચૌદ નિયમ સંક્ષેપ,
વિસ્તારે પ્રભુ પૂજતાં રે ન રહે કર્મનો લેપ, હો જિનજી!
ભક્તિ સુધારસ ધોળનો રે.
રંગ બન્યો છે ચોળનો રે, પલક ન છોડયો જાય. ૧.
એક મુહૂરત દિન-રાતનું રે, પક્ષ માસ પરિમાણ,
સંવત્સર ઇચ્છા લગે રે, એ રીતે પચ્ચખ્ખાણ હો જિનજી. ભ.
બારેવ્રતના નિયમનો રે, સંક્ષેપ એહમાં થાય,
મંત્રબળે જેમ વીંછીનું રે, ઝેર તે ડંખે જાય હો જિનજી. ભ.
ગંઠસી ઘરસી દીપસી રે, એહમાં સર્વ સમાય,
દીપક જ્યોતે દેવતા રે; ચંદ્રાવતંસક રાય હો જિનજી. ભ.
પણ અતિચાર નિવારીને રે ધનદ ગયો શિવગેહ,
શ્રી 'શુભવીર' સું માહરે રે સાચો ધર્મસનેહ હો જિનજી. ભ.

—બારવ્રતની પૂજા

## ૧૧. પૌષધોપવાસવ્રતના અતિચારોનું પ્રતિક્રમણ.

ગાથા.

**संथारुच्चारविहि--पमाय तह चेव भोअणाभोए ।**
**पोसहविहि--विवरीए, तइए सिक्खावए निंदे ॥२९॥**

ભાવગીત :

પ્રમાદથી લઘુ-વડી-શંકાને, સંથારા-વિધિ દોષ થયા,
ભોજન ચિંતાથી પોષહવિધિ વિપરીતતા થઇ નિંદુ છું. ૨૯

અર્થ.

અગીઆરમું પૌષધોપવાસવ્રતઃ ધર્મનું પોષણ થાય તેવી, ઉપવાસ-બ્રહ્મચર્યાદિ ધર્મ-ક્રિયાઓ કરવાનું વ્રત. તે ત્રીજું શિક્ષાવ્રત છે. તેમાં પૌષધ લઇને ૧. સંથારો-શય્યા વગેરે બરાબર કે બીલકુલ ન જોયાં હોય અને ૨. ન પૂંજ્યાં હોય-સાફ ન કર્યાં હોય. ૩. મલમૂત્રની જગ્યા બરાબર કે બીલકુલ ન જોઈ હોય અને ૪. ન પૂંજી હોય. ૫. પૌષધ ક્યારે પૂરો થાય અને સ્વેચ્છાએ ભોજનાદિ કરૂં એવા વિચાર કર્યા હોય. તેથી પૌષધ વિધિમાં જે કોઇ દોષ થયા હોય તેનું હું નિંદારૂપ પ્રતિક્રમણ કરૂં છું. ૨૯.

---

પોષધ—૧. ધર્મનું પોષણ પુષ્ટિ કરે તે પોષધ. ૨. વ્રતવિશેષ ઉપવાસ સહિત પોષધ તે પોષધોપવાસવ્રત.

લઘુ શંકા- પેશાબ. વડીશંકા- મળત્યાગ.

પૂંજવું- જીવ મરી ન જાય તે રીતે સાફ કરવું.

સંથારો- ઊનનું બીછાનું.

પૌષધોપવાસવ્રત— સર્વ ત્યાગમય સાધુજીવનના પૂર્વ-ઘડતરરૂપે દિવસ અગર દિવસરાત સર્વ સાંસારિક પ્રવૃત્તિથી નિવૃત્તિરૂપ અને ધાર્મિકક્રિયાઓની પ્રવૃત્તિરૂપ આ વ્રત સાચી પ્રવૃત્તિ-નિવૃત્તિ સમજાવે છે ને આચરાવે છે.

પૌષધમાં મુખ્ય ચાર ત્યાગ કરવાના હોય છે.

૧. આહાર પોષધ-ભોજનનો સર્વથા અથવા આંશિકત્યાગ એટલે ઉપવાસ અગર એકાસણું કે આયંબીલ.
૨. શરીર સત્કારપોષધ-સર્વથા શરીરનું સ્નાન તથા વિભૂષા ઈત્યાદિનોત્યાગ.
૩. બ્રહ્મચર્યપોષધ-સર્વથા અબ્રહ્મનો ત્યાગ. બ્રહ્મચર્યનું પાલન.
૪. અવ્યાપારપોષધ-સર્વથા ધંધા ધાપાનો ત્યાગ. આરંભ-સમારંભનો ત્યાગ.

अप्रत्यवेक्षिता-अप्रमार्जितोत्सर्गा-ऽऽदाननिक्षेप
संस्तारोपक्रमणाऽनादर-स्मृत्यनुपस्थापनानि ।

—તત્ત્વાર્થ. અ. ૭/૨૯

ઢાળ

પ્રભુ પડિમા પૂજીને પોષહ કરીએરે, વાતને વિસારી રે વિકથાચારની,
પ્રાયે સુરગતિ સાધે પર્વને દિવસેરે, ધર્મની છાયારે તરુસહકારની,
શિતળ નહિ છાયારે આ સંસારની, કૂડી છે માયારે આ સંસારની,
કાચની કાયારે છેવટ છારની, સાચી એક માયારે જિન અણગારની,
એંશી ભાંગે દેશથકી જે પોસહરે, એકાસણુ કહ્યુંરે શ્રી સિદ્ધાંતમાંરે,
સર્વથકી આઠ પહોરનો ચૌવિહારરે, સંથારો નિશિરે કંબળડાભનો,
પાંચે પર્વી ગૌતમગણધર બોલ્યારે, પૂરવ આંક ત્રીસગણોછે લાભનો,
પણ અતિચાર તજી જિનજી વ્રત પાળુરે,
તારક નામ સાચુંરે જો મુને તારશો.

—બારવ્રતની પૂજા.

## ૧૨ અતિથિ સંવિભાગવ્રતના અતિચારોનું પ્રતિક્રમણ.

ગાથા.

सच्चिते निक्खिवणे, पिहिणे ववएस मच्छरे चेव।
कालाइक्कम--दाणे, चउत्थे सिक्खावए निंदे ॥३०॥

[१]सुहिएसु अ दुहिएसु अ, जामे [२]अस्संजएसु अणुकंपा।
रागेण व दोसेण व तं निंदे तं च गरिहामि ॥३१॥

साहूसु संविभागो, न कओ तव--चरण--करण--जुत्तेसु।
संते फासुअ--दाणे, तं निंदे तं च गरिहामि ॥३२॥

ભાવગીત:

સચિત્ત વસ્તુઓ નાંખી--ઢાંકી, કપટ, દ્વેષ- અભિમાન કરી,
કાળ વટાવી દાન દીધું, શિક્ષાવ્રત ચોથે નિંદુ સૌ ૩૦

૧. યોગ્ય અતિથિને અયોગ્ય રીતે દાન આપ્યું તે દોષ.

સુહિત, દુઃખિત ને ગુરૂનિશ્રાળુ સાધુને મેં દાન દીધું
નિંદ્ય રાગ કે દ્વેષ થકી તે દોષો નિંદુ ગહુઁ છું. ૩૧.

અથવા–વળી

૨. અયોગ્ય અતિથિને અયોગ્ય રીતે દાન આપ્યું તે દોષ.

સંયમહીના સુખિત દુઃખિત પર નિંદ્ય રાગ કે દ્વેષ થકી
અનુકંપા કરી દોષ થયા જે નિંદુ છું સૌ ગહુઁ છું ૩૧.

૩. યોગ્ય અતિથિને યોગ્ય દાન ન આપ્યું તે દોષ.

ચરણકરણથી યુક્ત, તપસ્વી સાધૂને ના દાન દીધું,
દાનદ્રવ્ય નિર્દોષ છતાંયે, નિંદુ છું સૌ ગહુઁ છું. ૩૨.

અર્થ:

બારમું અતિથિ સંવિભાગવ્રત: અતિથિ એવા સાધુ ભગવંતોની ભક્તિ બહુમાન કરવાનું વ્રત, તે ચોથું શિક્ષાવ્રત સુવિહિત- (જ્ઞાન, દર્શન ચારિત્રયુક્ત) સાધુઓને દાન દેતાં (અશુભભાવથી= તેઓ દાન ન લે એ બુદ્ધિથી) ૧. દાન દ્રવ્યમાં સચિત્ત વસ્તુ નાંખી હોય, કે સચિત્ત વસ્તુ પર દાન દ્રવ્ય મૂકયું હોય. ૨. દાનદ્રવ્ય પર સચિત્ત વસ્તુ ઢાંકી હોય. ૩. કપટ કર્યું હોય કે બહાનું કાઢયું હોય. ૪. બીજાનો દ્વેષ કે અદેખાઈ કરી હોય. ૫. ગોચરીનો-ભોજનનો સમય પૂરો થઇ ગયા પછી બોલાવ્યા હોય, તેથી જે કોઇ અતિચાર લાગ્યા હોય તેની હું નિંદા કરૂં છું. ૩૦

સુહિત એટલે જ્ઞાન-દર્શન-ચારિત્રશીલ સાધુઓની (અગર સુખીત એટલે વસ્ત્ર પાત્રાદિ વધારે પ્રમાણમાં જેની પાસે હોય તે સાધુઓની) રોગથી કે તપથી દુ:ખી કે ગ્લાન થયેલ સાધુઓની, અને અસ્વયંયત એટલે ગુરૂઆજ્ઞામાં રહેનારા, (અથવા અસંયત એટલે સ્વેચ્છાચારી શિથીલાચારી) સાધુઓની સેવા-ભક્તિ મેં નિંદ્યરાગ કે દ્વેષથી કરી-હોય તેની હું નિંદા કરૂં છું. ૩૧

દાનદેવા લાયક નિર્દોષ વસ્તુઓ હાજર હોવા છતાંય તપસ્વી, ચારિત્રશીલ, અને ક્રિયાશીલ સાધુ મુનીરાજોને મેં દાન ન દીધું હોય તો તેવા પ્રમાદાચરણની હું નિંદા કરૂં છું અને ગર્હા કરૂં છું. ૩૨

અતિથિસંવિભાગવ્રત: સર્વોચ્ચ અતિથિ સાધુ ભગવંતોને દોષરહિત દાન આપવાનું વ્રત. અતિથિ સત્કારની સર્વોત્કૃષ્ટ વિધિ અહિં બતાવાઇ છે, એ દ્વારા સર્વોચ્ચ અતિથિ-સાધુભગવંતો પ્રત્યે આંતરિક બહૂમાન અને બાહ્યભકિત કરવાનો ઉપદેશ આપ્યો છે.

અતિથિ–તિથિ અને પર્વના સર્વ ઉત્સવો–ભોજનાદિ માટે કોઈ ને ત્યાં જવાના વ્યવહારાદિ જેમણે તજ્યાં છે તે અતિથિ.

કાળવટાવી– ગોચરીનો–ભોજનનો સમય પૂરો થયા પછી.

૧. **सूहिएसु**– ૧. સુહિત–જ્ઞાન, દર્શન, ચારિત્ર યુક્ત સાધુ.
૨. સુખિત–વસ્ત્રપાત્રાદિની વિપૂલતાવાળા સાધુ.

૨. **अस्संजएसु**–૧. અસ્વયંયત–ગુરૂઆજ્ઞામાં રહેનારા.
૨. અસંયત–સ્વેચ્છાચારી. શિથિલાચારી. સંયમહીના.

નિંધરાગ– દીક્ષા લીધા પહેલાંના સ્વજન સંબંધી કે કુટુંબી-પણાનો રાગ. દૃષ્ટિરાગ.

સંવિભાગ–દોષ રહિતદાન. નિર્દોષ ગોચરી.

ચરણકરણથી યુક્ત–ચરિત્રશીલ અને ક્રિયાશીલ.

**अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम्** । —તત્ત્વાર્થ અ૦૭/૩૩

**सचित्तनिक्षेप-पिधान-परव्यपदेश-मात्सर्य कालातिक्रमाः**
—તત્ત્વાર્થ.અ૦૭/૩૧

દુહા.

અતિથિ કહ્યા અણગારને, સંવિભાગ વ્રત તાસ.
ફળ પૂજા કરી તેરમી માગો, ફળ પ્રભુ પાસ.

ઢાળ:

ઉત્તમ ફળપૂજા કીજે, મુનિને દાન સદા દીજે;
બારમે વ્રત લાહો લીજેરે શ્રાવકવ્રત સુરતરુ ફળિયો,
મનમોહન મેળો મળિયોરે શ્રાવકવ્રત. ૧.
દેશ કાળ શ્રદ્ધા ક્રમીએ ઉત્તર પારણે દાન દીએ;
તેહમાં પણ નવિ અતિચરીએ. શ્રાવકવ્રત સુરતરૂ ફળીયો. ૨.

—બારવ્રતની પૂજા.

---

૧. સ્વપરના ઉપકાર માટે પોતાની માલિકીની ઉચિત વસ્તુનો પાત્રમાં ત્યાગ તે દાન કહેવાય

## સંલેષણાના અતિચારોનું પ્રતિક્રમણ.

ગાથાઃ

**इहलोए परलोए, जीविअ--मरणे अ आसंस--पओगे ।**
**पंचविहो अइआरो, मा मज्झं हुज्ज मरणंते ॥३३॥**

ભાવગીતઃ

ઇહ-પર-લોકની, જીવિત-મરણની, કામભોગની આકાંક્ષા
મરણ સમય પણ ના હો મુજને, અતિચાર સંલેષણના. ૩૩

અર્થઃ

સંલેખના તપનો સ્વિકાર કર્યા પછી અસાવધપણે મેં મનમાં

૧. આલોકની (મરીને મનુષ્ય થવાની) ઇચ્છા કરી હોય.
૨. પરલોકની (મરીને દેવ થવાની ઇચ્છા કરી હોય.
૩. સત્કાર-સન્માન જોઇ વધારે જીવવાની ઇચ્છા કરી હોય.
૪. સત્કાર-સન્માન ન થવાથી કે ભૂખથી પીડાવાથી જલ્દી મરવાની ઇચ્છા કરી હોય.
૫. મરણબાદ સુંદર કામ ભોગ રૂપ અને સૌભાગ્ય મળે એવી ઇચ્છા કરી હોય તેનું હું પ્રતિક્રમણ કરૂં છું. આવા અતિચારો મને મરણના અંત સમયે પણ ન થાઓ. ૩૩.

શરીર અને કષાયોનું શોષણ કરવા માટે આ વ્રત છે. બળ-વીર્ય, શ્રદ્ધા, ધૈર્ય અને તીવ્રસંવેગ-વૈરાગ્ય હોય ત્યારે આ વ્રત સ્વીકારવાનું હોય છે. એની વિધિ શાસ્ત્રોએ બતાવેલી છે. આહાર કર્યા વિના પણ પ્રસન્નતા પૂર્વક જીવન જીવી જવાનો આ પ્રયોગ છે. શરીર અને આત્માનું ભેદજ્ઞાન થયા પછી આ માર્ગ સરળ બને છે.

સંલેખના—જે તપથી શરીર તથા કષાય વગેરેનું શોષણ થાય તે.

माणान्तिकीं संलेखनां जाषिता । —તત્ત્વાર્થ. અ૦ ૭/૧૭

जोवत-मरणा-ऽऽशंसा-मित्रानुराग-सुखानुबन्ध-निदान करणानि

તત્ત્વાર્થ.અ૦૭/૩૨

૧. (વળી ગૃહસ્થ ) મરણ નજીક સમયે સંલેખના (શરીર અને કષાયને કસનારા મરણાંત અમુક તપ. ધ્યાન અને સમાધિ) નો આરાધક હોય છે.

૨. સંલેખનાના પાંચ અતિચાર–(૧) અધિક જીવનની અભિલાષા (૨) મરણની ઇચ્છા, (૩) મિત્રાદિ ઉપર સ્નેહ. (૪) પૌદ્ગલિક સુખની સ્મૃતિ અને (૫) ચક્રવર્તિ આદિ બજવાનું નિયાણું કરવું તે.

## મન,વચન,કાયાના યોગથી લાગેલ અતિચારોનું પ્રતિક્રમણ.

ગાથા:

**काएण काइअस्स, पडिक्कमे वाइअस्स वायाए ।**
**मणसा माणसिअस्स, सव्वस्स वयाइआरस्स ॥३४॥**

ભાવગીત:

અશુભ કાય-વચ-મનના યોગે, વ્રત-અતિચારો જે લાગ્યા
શુભ યોગના આરાધનથી પ્રતિક્રમણ કરી શુદ્ધ કરૂં. ૩૪.

અર્થ:

કાયા, વચન અને મનના અશુભ વ્યાપારથી સર્વ વ્રતોમાં મને જે કોઇ અતિચાર લાગ્યા હોય તે સર્વનું હું શુભકાય-યોગથી શુભવચન–યોગથી અને શુભ મનો–યોગથી પ્રતિક્રમણ કરૂં છું ૩૪

# ધર્મકરણીમાં લાગેલા બીજા અતિચારોનુ પ્રતિક્રમણ.

ગાથા:

**वंदण--वय--सिक्खा--गारवेसु सण्णा--कसाय--दंडेसु ।**
**गुत्तीसु अ समिईसु अ, जो अइआरो अ तं निंदे ॥३५॥**

ભાવગીત:

વંદન-વ્રત-શિક્ષા-ગારવમાં, સંજ્ઞા-દંડ-કષાયોમાં,
ગુપ્તિ-સમિતિમાં જે સેવ્યા અતિચાર આલોઉં સૌ. ૩૫.

અર્થ:-

વંદન,વ્રત, શિક્ષા, ગૌરવ- ગારવ, સંજ્ઞા, કષાય, દંડ, ગુપ્તિ અને સમિતિ વગેરેમાં જે અતિચારો લાગ્યા હોય તેનું હું નિંદારૂપ પ્રતિક્રમણ કરૂં છું. ૩૫

૧. વંદન-૧. ચૈત્યવંદન ૨. ગુરૂવંદન.

૨. વ્રત-૧. શ્રાવકનાં બાર વ્રત:
 ૨. નવકારશી પોરસી આદિ પચ્ચખ્ખાણ પ્રતિજ્ઞા:

૩. શિક્ષા-૧. ગ્રહણ શિક્ષા-શાસ્ત્રનો અભ્યાસ.
 ૨. આસેવન શિક્ષા-આચારની તાલીમ. શ્રાવક-દિનકૃત્ય પાળવાં તે.

૪. ગારવ ૧. ગૌરવ-આઠમદ:-જાતિ-કુલ'-રૂપ-બલ-જ્ઞાન-તપ-લાભ ધનમદ ૨. ગારવ-ગૃદ્ધિ-આસક્તિ. લાલસા. અભિમાન. લોલુપતા.

૧. રસગારવ-મધુર ખાનપાનની લાલસા અને અભિમાન.

૨. ઋદ્ધિગારવ-ધનકુટુંબ વગેરેનું અભિમાન અને આસક્તિ.

૩. શાતાગારવ–શરીરને શાતા ઉપજાવનારી ચીજોની લાલસા –સુખશીળીયાપણું અને અભિમાન.

૫. સંજ્ઞા–વિશિષ્ઠ ચેતનાઃ વિશિષ્ટ અભિલાષા. તેના ચાર, દશ અને સોળ ભાગ છે.

૧. આહાર, ૨. ભય ૩. મૈથૂન ૪. પરિગ્રહ. ૫. ક્રોધ, ૬. માન, ૭. માયા, ૮. લોભ ૯. લોક ૧૦. ઓઘ ૧૧. સુખ ૧૨. દુઃખ ૧૩. મોહ ૧૪. વિચિકિત્સા ૧૫. શોક ૧૬. ધર્મ,

૬. કષાય- કષ-ઘસવું, બગાડવું. જીવના શુદ્ધસ્વરૂપને કલુષિત કરે- બગાડે તે કષાય. કષ=સંસાર. આય=લાભ. જેનાથી સંસાર વધે તે કષાય. કષાય ચાર છે. ક્રોધ, માન, માયા, લોભ.

૭. જેનાથી આત્મા દંડાય તે દંડઃ સાવદ્ય પ્રવૃત્તિ. પાપવ્યાપાર.

૧. દંડ ત્રણ છે ૧. મનદંડ ૨. વચન દંડ ૩. કાયદંડ

૨. શલ્યને પણ દંડ કહ્યાં છે. ૧. માયાશલ્ય ૨. મિથ્યાત્વશલ્ય ૩. નિયાણાશલ્ય.

મનુસ્મૃતિમાં–દંડનો અર્થ દમન કરેલ છે. ૧. મનદંડ- મનનું દમન ૨. વચનદંડ-વાણીનું દમન ૩. કાયદંડ-કાયાનું દમન (આત્રણેય દંડ જેની પાસે હોય તે ત્રિદંડી)

૮. ગુપ્તિનિગ્રહ–અશુભ પ્રવૃત્તિ રોકવી તે ગુપ્તિ. ગુપ્તિ ત્રણ છે.

૧. મનો ગુપ્તિ-મનનો નિગ્રહ ૨. વચન ગુપ્તિ-વાણીનો નિગ્રહ ૩. કાય ગુપ્તિ–કાયાનો નિગ્રહ.

# પ્રતિક્રમણની ઉપયોગિતા.

ગાથા:

**सम्मद्दिट्ठी जीवो, जइवि हु पावं समायरे किंचि।**
**अप्पो सि होइ बंधो, जेण न निद्धंधसं कुणइ ॥३६॥**

**तं पि हु सपडिक्कमणं, सप्परिआवं सउत्तरगुणं च**
**खिप्पं उवसामेई, वाहि व्व सुसिक्खिओ विज्जो ॥३७॥**

ભાવગીત:

સમ્યગ્દૃષ્ટિ જીવ કદાપિ કાંઈપણ પાપ કરે તોયે,
નિષ્ઠુરતા નહિં હોવાથી અતિ અલ્પ બંધ તેને થાયે. ૩૬
તે પણ જલ્દી નાશ કરે છે કુશળવૈદ્ય જેમ રોગ હરે,
પ્રતિક્રમણ કરી, પશ્ચાતાપે, પ્રાયશ્ચિત લઈ ગુરૂ પાસે. ૩૭

અર્થ:

સમ્યગ્દૃષ્ટિ જીવને- સાચી સમજવાળા મનુષ્યને જો કદાચ નિર્વાહ પૂરતી થોડીક (ખેતીવાડી વગેરે) પાપ પ્રવૃતિ કરવી પડે તો પણ તેમાં નિષ્ઠુરતા-નિર્દયતા ન હોવાથી તેને ઘણો જ થોડો કર્મબંધ થાય છે. (જે પાપ પ્રવૃત્તિ ખૂબ આસક્તિ પૂર્વક-રસપૂર્વક થાય તેનો કર્મબંધ અતિ ચીકણો હોય છે.) ૩૬

જેમ કુશળ વૈદ્ય (સ્નેહન, સ્વેદન, વમન, વિરેચન અને બસ્તિ આદિ પંચ કર્મથી) રોગને જલ્દી શાંત કરે છે તેમ સાચી સમજવાળો જીવ, ઉપર જણાવેલ તે અલ્પ કર્મબંધને પણ પ્રતિક્રમણથી, પશ્ચાતાપથી અને પ્રાયશ્ચિતથી જલ્દી શાંત કરે છે. ૩૭.

---

૯. સમિતિ-એકાગ્ર પરિણામ વાળી સુંદર ચેષ્ટા. સમિતિ પાંચ છે.
૧. ઈર્યાસમિતિ ૨. ભાષા સમિતિ ૩. એષણા સમિતિ
૪. આદન નિક્ષેપ સમિતિ ૫. પારિષ્ઠાપનિકા સમિતિ
અથવા શ્રાવકની અગિયાર પડિમા પણ સમિતિ કહેવાય. ગુપ્તિ-નિવૃત્તિ પ્રધાન છે, જ્યારે સમિતિ-પ્રવૃત્તિ પ્રધાન છે.

# પ્રતિક્રમણની ઉપયોગિતા.

ગાથાઃ

जहा विसं कुट्ठ-गयं मंत-मूल-विसारया ।
विज्जा हणंति मंतेहिं तो तं हवइ निव्विसं ॥३८॥

एवं अट्ठविहं कम्मं, राग-दोस-समज्जिअं ।
आलोअंतो अ निंदंतो, खिप्पं हणइ सुसावओ॥३९॥

कय-पावो वि मणुस्सो, आलोइअ निंदिअ गुरु-सगासे
होइ अइरेग-लहुओ, ओहरिय-भरुव्व भारवहो ॥४०॥

आवस्सएण एएण सावओ जइ वि बहुरओ होइ ।
दुक्खाणामंत किरियं काही अचिरेण कालेण ॥ ४१ ॥

ભાવગીતઃ

જેમ મંત્ર ને મૂલ વિશારદ વૈદ્યરાજ નિજ મંત્ર બળે,
ઉદર પડેલું ઝેર હણીને રોગીને નિવિષ કરે. ૩૮.

તેમ રાગ ને દ્વેષ ઉપાર્જિત અષ્ટકર્મ જલ્દી હણતો,
દ્વાદશાવ્રતધારી સુશ્રાવક, આલોચન-નિંદા કરતો. ૩૯.

પાપ તણું આલોચન કરીને, ગુરૂ પાસે નિંદા કરતો,
પાપી માનવ ભાર ઉતાર્યા મજુર શો હળવો બનતો. ૪૦.

આરંભોથી પાપ રજોયુત અતીવ શ્રાવક હોય છતાં,
ને દઃખનો આ આવશ્યકથી અલ્પ સમયમાં નાશ કરે. ૪૧.

અર્થ:

જેમ મંત્ર-મૂલ વિશારદ વૈદ્યો શરીરમાં વ્યાપેલા ઝેરને મંત્ર વડે ઉતારીને શરીરને-રોગીને નિર્વિષ બનાવે છે, તેમ બારવ્રતધારી સુશ્રાવક રાગદ્વેષથી બંધાયેલાં-ઉત્પન્ન થયેલાં *આઠેય પ્રકારનાં કર્મોનો આલોચના અને નિંદા કરીને જલ્દી નાશ કરે છે. ૩૮. ૩૯.

માથા પરનો ભાર ઉતારી નાંખવાથી જેમ મજુર ખૂબ હળવો થાય છે તેમ પાપી મનુષ્ય પોતાનાં પાપોની (ગુરૂ પાસે આલોચના કરીને (પ્રગટ કરીને) અને નિંદારૂપ પ્રતિક્રમણ કરીને હળવો ફૂલ થાય છે (ગુરૂ પાસે પાપનો એકરાર કરવાથી મનમાંથી શલ્ય નીકળી જાય છે, સંકલ્પ વિકલ્પ બંધ થાય છે અને મન દઢ થાય છે) ૪૦.

શ્રાવક કદાચ પાપવાળા આરંભોને લીધે બહૂ પાપ-રજ-વાળો થયો હોય તો પણ આ પ્રતિક્રમણ-આવશ્યકવડે થોડાજ સમયમાં તે ભવદુઃખનો નાશ કરે છે. (મોક્ષ પામે છે) ૪૧.

---

* આઠકર્મ:-૧. જ્ઞાનાવરણીય. ૨. દર્શનાવરણીય, ૩. મોહનીય, ૪. અંતરાય. એ ચાર ઘાતી કર્મ છેઃ ૫. નામ, ૬. ગોત્ર, ૭. વેદનીય, ૮. આયુષ્ય, એ ચાર અઘાતી કર્મ છે. આત્માની વીતરાગ દશામાં અને કેવળજ્ઞાનમાં બાધા ન કરે તે અઘાતી કર્મ.

પાપનું આલોચન- થઇગએલાં પાપ તપાસવાં, પ્રગટ કરવાં. પાપની કબુલાત.

પાપ--રજોયુત- પાપરૂપી ધૂળથી ખરડાયેલો.

અતીવ-ઘણોજ.

## યાદ ન આવેલા દોષોની આલોચના.

ગાથા.

आलोअणा बहुविहा, न य संभरिआ पडिक्कमण काले
मूलगुण-उत्तरगुणे, तं निंदे तं च गरिहामि ॥४२॥

ભાવગીત :

મૂલગુણ-ઉત્તરગુણ સંબંધી બીજા બહૂવિધ અતિચારો,
પ્રતિક્રમણમાં યાદ ન આવ્યા તે સહૂ નિંદુ-ગર્હું છું. ૪૨.

અર્થ:

મૂલ ગુણ (પાંચ અણુવ્રત) અને ઉત્તર ગુણ ( ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત) સંબંધી બીજા પણ આલોચના કરવા યોગ્ય (પ્રગટ કરવા યોગ્ય) ઘણા અતિચારો હોય છે, સંભવ છે કે તે બધા પ્રતિક્રમણ વખતે યાદ ન પણ આવ્યા હોય, તેને હું આત્મ સાક્ષીએ નિંદું છું અને (ગુરૂ સાક્ષીએ ગર્હું છું. ૪૨

---

મૂલગુણ– પાંચ અણુવ્રત.
ઉત્તરગુણ–ત્રણ ગુણવ્રત તથા ચાર શિક્ષાવ્રત.
આલોચના– સદ્ગુરુની સમક્ષ પોતાનાં પાપો પ્રગટ કરવાં, જે રીતે, જે કાળે જે ભાવથી, જે ક્ષેત્રમાં પાપ થયું હોય, તે રીતે જ, જેટલું સ્મૃતિમાં હોય, તેટલું પ્રગટ કરવું.

## ધર્મ આરાધનમાં તત્પરતાઃ ચોવીસ જિનને વંદન.

ગાથા :

**तस्स धम्मस्स केवलि पन्नतस्स**
**अब्भुट्टिओ मि आराहणाए विरओ मि विराहणाए**
**तिविहेण पडिक्कंतो, वंदामि जिणे चउव्वीसं ॥४३॥**

ભાવગીત :

કેવલી ભાષિત ધર્મતણા આરાધનમાં તત્પર ઉભો.
દોષથી વિરમી, ત્રિવિધ પ્રતિક્રમી, ચોવીસ જિનને વંદું છું. ૪૩.

અર્થ :

કેવલી ભગવંતોએ ઉપદેશેલા અને ગુરૂપાસે મેં સ્વિકારેલા શ્રાવક ધર્મની વિશુદ્ધ આરાધના માટે હું તત્પર થયો છું. તેની ખંડના—વિરાધનાથી હું વિરામ પામ્યો છું અને તેથી મન, વચન અને કાયા વડે તમામ દોષોનું-અતિચારોનું પ્રતિક્રમણ કરતો હું ચોવીશે ય જિનેશ્વર ભગવંતોને વંદન કરૂં છું.

---

કેવલી-જેઓને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હોય તેવા સર્વજ્ઞ.
ખંડના-વિરાધના-ઈરાદાપૂર્વકનો ભંગ.

## સર્વ ચૈત્યોને–જિન બિંબોને તથા સર્વ સાધુઓને વંદના.

ગાથા :

जावंति चेइआइं उड्ढे अ अहे अ तिरिअ लोए अ।
सव्वाइं ताइं वंदे इह संतो तत्थ संताइं ॥४४॥
जावंत के वि साहू, भरहेरवय-महाविदेहे अ ।
सव्वेसिं तेसिं पणओ, तिविहेण तिदंड-विरयाणं॥४६॥

ભાવગીત :

ઉર્ધ્વ, અધો ને માનવલોકે આવેલાં સઘળાં ચૈત્યો–
જિન બિંબોને અહિં વસેલો ભક્તિભાવથી વંદુ છું. ૪૪.
ભરત–ઐરાવત-મહાવિદેહે વિચરંતા જે કોઈ સાધુ,
દંડત્રીકથી વિરમેલા, સૌ મન–વચ–કાયે વંદુ છું. ૪૫.

અર્થ :

સ્વર્ગલોક, પાતાળ લોક અને મનુષ્યલોકમાં જેટલાં જિન–ચૈત્યો–જિનબિંબો–જિનપ્રતિમાઓ હોય તે સર્વને હું અહિં રહ્યો છતો વંદન કરૂં છું. ૪૪.

ભરતક્ષેત્ર, ઐરાવતક્ષેત્ર અને મહાવિદેહક્ષેત્રમાં મનદંડ, વચનદંડ અને કાયદંડથી વિરમેલા જેટલા સાધુ મુનિરાજો હોય તે સર્વને હું મન–વચન–કાયાથી પ્રણામ-વંદન કરૂં છું. ૪૫.

---

મનદંડ–મનની અશુભપ્રવૃત્તિ.
વચનદંડ-વચનની અશુભ પ્રવૃત્તિ.
કાયદંડ-કાયાની અશુભપ્રવૃત્તિ. વિરમેલા–અટકેલા.
દંડ–જેનાથી આત્મા દંડાય તે દંડ.
હિંસા વગેરે પાપ પ્રવૃત્તિ કરવી તે દંડ.

## જિનેશ્વર ભગવાનનું સ્તવન-ધ્યાન-ભાવના.

ગાથા :

**चिर-संचिअ-पाव-पणासणीइ भव-सय-सहस्स-महणीए ।**
**चउवीस-जिण-विणिग्गय-कहाइ वोलंतु मे दिअहा ।।४६।।**

ભાવગીત :

ચિરસંચિત પાપો દળનારી, લાખો ભવફેરા હરનારી,
ચોવીસ જિનની ધર્મ કથામાં વિતજો મમ દિન સુખકારી. ૪૬.

અર્થ :

ઘણા વખતથી એકઠાં થયેલાં પાપોને નાશ કરનારી, અનંતા ભવોનું મંથન કરનારી—લાખોભવોને ફેડનારી, ચોવીસ જિનેશ્વર ભગવંતોથી નીપજેલી—વિસ્તરેલી—ધર્મ કથાઓના સ્વાધ્યાયમાં મારા દિવસો પસાર થાઓ. ૪૬.

## : ચાર મંગલ અને માગણી :

ગાથા :

**मम मंगलमरिहंता, सिद्धा साहू सुअं च धम्मो अ**
**सम्मदिट्ठी देवा दिंतु समाहिं च बोहिं च ।।४७।।**

ભાવગીત :

અરિહંતો ને સિદ્ધ, સાધુઓ, જ્ઞાન, ધર્મ, મંગલ મય હો,
સમ્યગ્દૃષ્ટિ દેવ અમોને સમાધિ- બોધિ દાતા હો. ૪૭.

અર્થ :

મંગળ ભૂત—લોકોત્તમ અને શરણ્ય—એવા અરિહંત, સિદ્ધ, સાધુ, શ્રુત અને ધર્મ એ પાંચ તથા સમ્યગ્દૃષ્ટિ દેવો અમને ચિત્તની સ્વસ્થતા અને ધર્મની પ્રાપ્તિમાં સહાયક બનો. ૪૭.

---

સમાધિ—આત્મભાવમાં સ્થિરતા. બોધિ—ધર્મશ્રધ્ધા.

# પ્રતિક્રમણના ચાર હેતુઓ.

ગાથા :

**पडिसिध्धाणं करणे किच्चाणमकरणे पडिक्कमणं।**
**असद्दहणे अ तहा विवरीअ--परुवणाए अ ॥४८॥**

ભાવગીત :

મના કરેલું કર્યું હોય, ને કરવાનું કાંઈ, ના કીધું,
શ્રધ્ધા ત્યાગી વિપરીત બોલ્યા, શુદ્ધ થવા છે પડિક્કમણું. ૪૮.

અર્થ :

જ્ઞાનીઓએ નિષેધ કરેલ અઢાર પાપ સ્થાનક આદિ ક્રિયાઓ કરી હોય, શ્રાવક દિન કૃત્ય આદિ કર્તવ્યો ન કર્યાં હોય, જિનેશ્વર દેવોએ કહેલ સૂક્ષ્મ તત્ત્વોમાં અશ્રદ્ધા થઇ હોય અને તેમના ઉપદેશથી અવળો ઉપદેશ દેવાઈ ગયો હોય એ ચારે ય દોષથી શુદ્ધ થવા માટે આ 'પ્રતિક્રમણ' આવશ્યક–જરૂરી છે.

**पडिसिध्धाणं करणे**

પ્રતિષેધ અભક્ષ્ય, અનંતકાય, બહૂબીજભક્ષણ, મહારંભ-પરિગ્રહાદિકકીધાં, જીવાજીવાદિક સૂક્ષ્મ વિચાર સદૃહ્યા નહિ, આપણી કુમતિ લાગે ઉત્સૂત્ર-પ્રરૂપણા કીધી. તથા પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ–અરતિ, પર--પરિવાદ, માયા--મૃષાવાદ, મિથ્યાત્વશલ્ય, એ અઢાર પાપસ્થાન કીધાં, કરાવ્યાં અનુમોદ્યાં હોય.

દિનકૃત્ય, પ્રતિક્રમણ વિનય વેયાવચ્ચ, ન કીધું, અનેરૂં જે કાંઈ વીતરાગની આજ્ઞા વિરૂદ્ધ કીધું કરાવ્યું, અનુમોદ્યું હોય.

તે સવિહુ મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

–પાક્ષિકાદિ અતિચાર

## ક્ષમાપના-વિશ્વમૈત્રી.

ગાથા :

**खामेमि सव्वजीवे सव्वे जीवा खमंतु मे**
**मित्ती मे सव्वभूएसु वेरं मज्झ न केणई ॥४९॥**

ભાવગીત:

ક્ષમા યાચું છું સહૂ જીવ પાસે. સહૂ જીવ મુજને માફ કરે.
સહૂ જીવ સાથે મૈત્રી મારે, વેર નથી કોઈ જીવ સાથે. ૪૯

અર્થ:

સર્વ જીવોની પાસે હું મારા દોષોની ક્ષમા માગું છું, સર્વ જીવો મને ક્ષમા કરો, સર્વ જીવોની સાથે મારે મૈત્રી છે. કોઈ પણ જીવ સાથે મારે વૈર નથી. ૪૯.

## ઉપસંહાર અને પૂર્ણાહૂતિનું વંદન.

ગાથા:

**एवमहं आलोइअ निंदिय गरहिअ दुगंछिअं सम्मं।**
**तिविहेण पडिक्कंतो, वंदामि जिणे चउव्वीसं ॥५०॥**

ભાવગીત:

એમ રૂડીરીતે આલોવી નિંદી, ગર્હી, ઘૃણા કરી,
મન-વચ-કાયાથી પડિક્કમતો, જિન ચોવીસે વંદુ છું. ૫૦

અર્થ:

આમ મેં સર્વ અતિચારોની સારી રીતે (ભાવપૂર્વક) આલોચના કરી છે, નિંદા કરી છે, ગર્હા કરી છે અને જુગુપ્સા-ઘૃણા કરી છે, હવે મન, વચન કાયાથી તેનું પ્રતિક્રમણ કરતો હું ચોવીસેય જિનેશ્વરોને વંદન કરૂં છું. ૫૦.

: સમાપ્ત :

# આ લો ચ ના

## વંદિત્તુ-સૂત્ર.

: ભાવગીત :

: મંગલાચરણ અને વિષય નિર્દેશ :

વંદન કરી સહૂ સિદ્ધ પ્રભુને ધર્માચાર્યો મુનિગણને,
શ્રાવક ધર્મ તણા અતિચારો પ્રતિક્રમવા હું ઈચ્છું છું. ૧

: વ્રતો અને જ્ઞાનાદિ આચારોમાં લાગેલા દોષો :

જે કાંઈ મારા વ્રત અતિચારો નાના મોટા દોષ થયા
જ્ઞાન તથા દર્શન-ચારિત્રે નિંદુ છું સહુ ગર્હું છું. ૨

: સર્વ પાપના મૂળસમા પરિગ્રહ અને આરંભ :

દ્વિવિધ પરિગ્રહ કર્યા કરાવ્યા બહુવિધ પાપારંભ વળી,
દિવસ સંબંધી દોષ થયા, જે આલોઉં સહૂ યાદ કરી. ૩

: ઈન્દ્રિયો અને કષાયોની અશુભ પ્રવૃત્તિથી થયેલા દોષો :

નિંદિત એવા ચાર કષાયે પાંચ ઈન્દ્રિયે પાપ થયાં
રાગ દ્વેષથી મન, વચ, કાયે નિંદુ છું સહૂ ગર્હું છું. ૪

: પરવશતાથી કરવી પડેલ પ્રવૃત્તિઓથી લાગેલા દોષો :

શરત ચૂકથી, દબાણથી, કે ફરજ વશે હરતાં ફરતાં,
જતાં આવતાં, ઉભા રહેતાં, દોષ થયા આલોઉં સૌ. ૫

: બારવ્રતના પાયારૂપ સમ્યક્ત્વના અતિચારો :

જિનમત શંકા, પરમત ઈચ્છા ફલસંદેહ-દુગંછાદિ
મિથ્યાત્વી સહ વાસ-પ્રશંસા, સમકિત દોષો પ્રતિક્રમું ૬

: આરંભ-સમારંભોની નિંદા :

છકાય હિંસા સ્વ-પર-ઉભયને કાજ રાંધ્યું કે રંધાવ્યું,
તેથી જે કાંઇ દોષ થયા સૌ આત્મસાક્ષીએ નિંદું છું. ૭

: બારવ્રત અને તેના અતિચારો :

પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત ને શિક્ષાવ્રત વળી ચાર કહ્યાં,
એવા બારવ્રતોના દૈનિક અતિચાર આલોઉં સૌ. ૮

પાંચ અણુવ્રત.

: ૧. સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રતના અતિચારો :

પ્રથમ અણુવ્રત-સ્થૂલ જીવહિંસા વિરમણવ્રત અતિચાર થયા,
ક્રોધાવેશે, ભાન ભૂલી, કે પ્રમાદ-ગફલત વશ થઇને- ૯
જીવને માર્યા, બાંધ્યા અંગો છેદ્યાં, અતિશય ભાર ભર્યો,
ખાનપાન ના આપ્યાં, દૈનિક અતિચાર આલોઉં સૌ. ૧૦

: ૨. સ્થૂલ મૃષાવાદ વિરમણવ્રતના અતિચારો :

પ્રમાદથી કે માયાવેશે, વગર વિચાર્યે આળ દીધું,
ગુપ્ત વાત બીજાની કે નિજ પત્નિની મેં પ્રગટ કરી, ૧૧
જુઠભર્યા ઉપદેશ દીધા, વળી જુઠા લેખ લખ્યા, બીજે--
મૃષાવાદ સ્થૂલ-વિરમણવ્રતના અતિચાર આલોઉં સૌ. ૧૨

: ૩. સ્થૂલ અદત્તાદાન વિરમણવ્રતના અતિચારો :

સ્થૂલ પર દ્રવ્ય-હરણ વિરતિમાં પ્રમાદ કે લોભાવેશે,
ચોરને પ્રેર્યા, માલ ખરીદ્યા, માલમાં ભેળ-સંભેળ કર્યા, ૧૩
રાજ્ય વિરૂદ્ધાચાર કર્યા, વળી તોલ માપ ખોટાં કીધાં,
ત્રીજા અણુવ્રતના અતિચારો દિવસતણા આલોઉં સૌ. ૧૪

: ૪. સ્વદારા સંતોષ-પરસ્ત્રીગમન વિરમણવ્રત અતિચારો :

પરસ્ત્રી ગમન વિરમણવ્રત માંહે પ્રમાદ કે કામાવેશે,
કુમારી–વિધવા સંગ કર્યો, ને રખાત–વેશ્યા–ગમન કર્યું. ૧૫
અનંગ ક્રિડા કરી, વિવાહ જોડયા, વિષયે અતિઅભિલાષ ધર્યો,
ચોથા અણુવ્રતના અતિચારો, દિન સેવ્યા આલોવું સૌ. ૧૬

: ૫. પરિગ્રહ પરિમાણવ્રતના અતિચારો :

મોહ વશે ધનધાન્ય, ક્ષેત્ર–ઘર, સોનું–રૂપું, ઘર–વખરી,
નોકર–ચાકર–પશુપક્ષી, સૌ પ્રમાણથી અધીકાં રાખ્યાં, ૧૭
વ્રતપરિગ્રહ–પરિમાણ વિષે એમ પ્રમાદથી જે દોષ થયા,
પંચમ અણુવ્રતના અતિચારો દિનસેવ્યા આલોવું સૌ. ૧૮

: ત્રણ ગુણવ્રત :

: ૬. દિક્ પરિમાણ વ્રતના અતિચારો :

ઊંચી–નીચી–તિરછી દીશામાં ગમન વધ્યું, દિશ વધઘટ થઈ,
સ્મૃતિ ગુમાવી, દિક્પરિમાણે, ગુણવ્રત દોષો નિંદું સૌ. ૧૯

: ૭. ભોગોપભોગ પરિમાણવ્રતના અતિચારો :

૧. ભોગમાં વિવેક.

મદ્યમાંસ તજવામાં, ફળ–ફૂલ સુગંધ, માલા વાપરતાં,
દોષ થયા બીજા ગુણવ્રતના ઉપ–પરિભોગે નિંદું સૌ. ૨૦

૨. ભોજનમાં વિવેક.

સચિત્ત, સચિત્તથી યુક્ત, ને કાચું, અધકાચું વળી તુચ્છફળો,
ભક્ષણ કરતાં ઉપ–પરિભોગે અતિચાર આલોઉં સૌ. ૨૧

## ૩: ધંધામાં વિવેક.

: વ્રતધારીએ તજવા જેવા પંદર ધંધા :

કર્મ તજું અંગાર તણું, વન-વાહન--ભાડાં-સ્ફોટકનું,
દાંત, લાખ, રસ, કેશ, વિષ ને શસ્ત્રોનો વ્યાપાર તજું. ૨૨

યંત્ર પીલણનું, અંગ છેદનનું, વનદવનું જલ શોષણનું,
અસતી પોષણ કર્મ તજું, વળી અતિચાર આલોઉં સૌ. ૨૩

: ૮. અનર્થ દંડ વિરમણવ્રતના અતિચારો :

: ૧. જીવઘાતક વસ્તુઓ આપવારૂપ અનર્થદંડ :

શસ્ત્રાગ્નિ, સાંબેલાં, યંત્રો, ઘાસ, કાષ્ટ, મૂળ, મંત્ર દવા,
અપાવતાં, વિણ કારણ દેતાં, દોષ થયા આલાઉં સૌ. ૨૪

૨. પ્રમાદાચરણરૂપ અનર્થદંડ.

સ્નાન, પીઠી, ચિત્રણ, વિલેપન, શબ્દ, રૂપ, રસ ગંધ વિષે,
આસન, વસ્ત્રાભૂષણ સજતાં દોષ થયા આલોઉં સૌ. ૨૫

: ૩. અતિચારોનું પ્રતિક્રમણ :

મશ્કરી, ચાળા, લવરી, સાધન-સજીમૂકવાં, ભોગાસક્તિ,
ત્રીજા ગુણવ્રત-અનર્થદંડે અતિચાર આલોઉં સૌ. ૨૬.

: ચાર શિક્ષાવ્રત :

: ૯. સામાયિક વ્રતના અતિચારો :

મન-વચ-કાયની દુષિત ક્રિયાથી, અસ્થિરતાથી, વિસ્મૃતિથી,
પ્રથમ શિક્ષાવ્રત સામયિકમાં વિરાધના થઇ નિંદુ છું. ૨૭.

: ૧૦. દેશાવકાશિકવ્રતના અતિચારો :

મંગાવ્યું, સ્થળ બહાર મોકલ્યું, શબ્દ,-રૂપ-પુદ્ગલ ફેંકી-
છતા થવાથી દોષ થયા, તે વ્રતદશમે હું નિંદું સૌ. ૨૮.

: ૧૧. પૌષધોપવાસવ્રતના અતિચારો :

પ્રમાદથી લઘુ-વડી શંકા ને સંથારાવિધિ, દોષ થયા,
ભોજન ચિંતાથી પોષહવિધિ-વિપરીતતા થઈ નિંદું છું. ૨૯.

: ૧૨. અતિથિસંવિભાગવ્રતના અતિચારો :

સચિત્ત વસ્તુઓ-નાંખી-ઢાંકી, કપટ-દ્વેષ-અભિમાન કરી,
કાળ વટાવી દાન દીધું, શિક્ષાવ્રત ચોથે નિંદું સૌ. ૩૦.

: યોગ્ય અતિથિને અયોગ્ય રીતે દાન દેવું તે દોષ :

સુહિત, દુખિત ને ગુરૂ નિશ્રાણુ સાધુને મેં દાન દીધું,
નિંદ્ય રાગ કે દ્વેષ થકી, તે દોષો નિંદુ ગહું છું. ૩૧.

: અયોગ્ય અતિથિને અયોગ્ય રીતે દાન દેવું તે દોષ :

સંયમહીના, સુખિત-દુખિત પર નિંદ્ય રાગ કે દ્વેષ થકી,
અનુકંપા કરી, દોષ થયા જે નિંદુ છું સૌ ગહું છું. ૧૩.

: યોગ્ય અતિથિને દાન ન દેવું તે દોષ :

ચરણ કરણથી યુક્ત, તપસ્વી, સાધૂને ના દાન દીધું,
દાનદ્રવ્ય નિર્દોષ છતાંયે નિંદુ છું સૌ ગહું છું. ૩૨

: સંલેષણાના અતિચારો :

ઈહિ-પરલોકની, જીવિત-મરણની, કામભોગની આકાંક્ષા,
મરણ સમય પણ ના હો મુજને, અતિચાર સંલેષણના. ૩૩

: મન, વચન અને કાયાના યોગથી લાગેલા અતિચારો :

અશુભ કાય-વચ-મનના યોગે વ્રત-અતિચારો જે લાગ્યા,
શુભ યોગના આરાધનથી પ્રતિક્રમણ કરી શુદ્ધ કરૂં. ૩૪

: ધર્મ કરણીમાં લાગેલા બીજા અતિચારો :

વંદન-વ્રત-શિક્ષા — ગારવમાં, સંજ્ઞા-દંડ-કષાયોમાં,
ગુપ્ત–સમિતિમાં જે સેવ્યા, અતિચાર આલોઉં સૌ. ૩૫

: પ્રતિક્રમણની ઉપયોગિતા :

સમ્યગ્દૃષ્ટિ જીવ કદાપિ કાંઇપણ પાપ કરે તોયે,
નિષ્ઠુરતા નહિં હોવાથી અતિ અલ્પ બંધ તેને થાયે. ૩૬

તે પણ જલ્દી નાશ કરે છે, કુશળ વૈદ્ય જેમ રોગ હરે,
પ્રતિક્રમણ કરી, પશ્ચાતાપે, પ્રાયશ્ચિત લઇ ગુરૂ પાસે. ૩૭

જેમ મંત્રને મૂલ વિશારદ વૈદ્યરાજ નિજ મંત્ર બળે,
ઉદર પડેલું ઝેર હણીને, રોગીને નિર્વિષ કરે,- ૩૮.

તેમ રાગને દ્વેષ ઉપાર્જિત અષ્ટકર્મ જલ્દી હણતો,
દ્વાદશવ્રતધારી સુશ્રાવક આલોચન નિંદા કરતો. ૩૯.

પાપતણું આલોચન કરીને, ગુરૂપાસે નિંદા કરતો,
પાપી માનવ, ભાર–ઉતાર્યા મજુર શો, હળવો બનતો. ૪૦

આરંભોથી આપ રજોયુત અતીવ શ્રાવક હોય છતાં,
તે દુઃખનો આ આવશ્યકથી અલ્પ સમયમાં નાશ કરે. ૪૧

: યાદ ન આવેલા દોષોની આલોચના :

મૂલગુણ–ઉત્તરગુણ સંબંધી, બીજા બહુવિધ અતિચારો,
પ્રતિક્રમણમાં યાદ ન આવ્યા તે સહૂ નિંદુ–ગહુઁ છું. ૪૨

: ધર્મ આરાધનમાં તત્પરતા અને ચોવીસ જિનને વંદન :

કેવલી ભાષિત ધર્મતણા આરાધનમાં તત્પર ઉભો,
દોષથી વિરમી, ત્રિવિધ પ્રતિક્રમી, ચોવીસ જિનને વંદુ છું. ૪૩

: સર્વ ચૈત્યોને-જિનબિંબોને વંદના :

ઉર્ધ્વ, અધો ને માનવલોકે આવેલાં સઘળાં ચૈત્યો-
જિનબિંબોને, અહિં વસેલો ભક્તિભાવથી વંદું છું. ૪૪

: સર્વ સાધુઓને વંદના :

ભરત-ઐરાવત-મહાવિદેહે વિચરંતા જે કોઈ સાધુ,
દંડ ત્રીકથી વિરમેલા, સૌ મન-વચ-કાયે વંદું છું. ૪૫

: જિનેશ્વર ભગવાનનું સ્તવન-ધ્યાન-ભાવના :

ચિર સંચિત પાપો દળનારી, લાખો ભવ ફેરા હરનારી,
ચોવીસ જિનની ધર્મકથામાં, વિતજો મમ દિન સુખકારી. ૪૬

: ચાર મંગલ અને માગણી :

અરિહંતો ને સિદ્ધ સાધુઓ, જ્ઞાન, ધર્મ, મંગલમય હો.
સમ્યગ્દૃષ્ટિ દેવ અમોને, સમાધિ-બોધિ દાતા હો. ૪૭

: પ્રતિક્રમણના ચાર હેતુઓ :

મના કરેલું કર્યું હોય ને કરવાનું કાંઈ ના કીધું,
શ્રદ્ધા ત્યાગી, વિપરીત બોલ્યા, શુદ્ધ થવા છે પડિક્કમણું. ૪૮

: ક્ષમાપના: વિશ્વ મૈત્રી ભાવના :

ક્ષમા યાચું છું સહૂ જીવ પાસે, સહૂ જીવ મુજને માફ કરે,
સહૂ જીવ સાથે મૈત્રી મારે, વેર નથી કોઈ જીવ સાથે. ૪૯

: ઉપસંહાર અને પૂર્ણાહૂતિનું વંદન :

એમ રૂડી રીતે આલોવી નિંદી, ગર્હી, ઘૃણા કરી,
મન-વચ-કાયાથી પડિક્કમતો, જિનચોવીસે વંદુ છું. ૫૦

: સમાપ્ત :

# ઉવસગ્ગહરં-સ્તોત્ર

પાર્શ્વપ્રભુનું-કષ્ટો નાશ કરનારૂં સ્તોત્ર-ભાવગીત.

**ભાવગીત :-**

○ પાર્શ્વપ્રભુ ! ઉપસર્ગ હરંતા ! પાર્શ્વયક્ષ સેવિત વંદુ,
કર્મમુક્ત, વિષધર વિષહારી, નિઃશ્રેયસ-મંગલકારી. ૧.

○ 'વિષધર સ્ફુલીંગ'-મંત્ર જપે જો એકચિત્ત નિત્ય નરનારી,
દુષ્ટગ્રહો, સૌ રોગ મારિને દુષ્ટજ્વરો જાયે ચાલી. ૨.

○ મંત્ર ઘડીભર દૂર રહો, પ્રભુ-પ્રણામ પણ બહુ ફલદાતા,
નરતિર્યંચ, ગતિ જીવોના દુઃખદુર્ગતિ દૂરે થાતા. ૩.

○ કલ્પવૃક્ષ ચિંતામણી કરતાં અધિક તવ સમક્તિ સારૂં,
જે જીવ ધારે, તે નિર્વિઘ્ને પામે છે શિવપદ પ્યારૂં. ૪.

○ પાર્શ્વપ્રભુ! મેં ભક્તિ ભરેલા હૃદયે, તવ સ્તવના કીધી,
સમક્તિ મુજને ભવોભવ દેજો શાંતિદાયક દયાનિધિ ! ૫.

પાર્શ્વનાથ ભગવાનનું આ સ્તોત્ર વિઘ્નો દૂર કરનારૂં છે. - મંગલકારી છે. તેમને વંદન કરવાથી અને તેમનું સ્મરણ કરવાથી તેના ગુણોનું આપણામાં અનુસંધાન થાય છે. જાપ અને ધ્યાનથી મનની એકાગ્રતા અને મક્કમતા સધાય છે.

એકાગ્રમન શુભ સંકલ્પ કરી શકે છે અને પાર પાડી શકે છે. દુઃખો અને મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢી શકે છે.

○ સમક્તિ એટલે સાચી સમજણ,-સદ્બુદ્ધિ-સ્થિબુદ્ધિઃ

○ એવું સમક્તિ તો ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ વધુ કિંમતી છે.

○ સમક્તિ-સાચી સમજણ શાંતિદાતા છે. સિદ્ધિદાતા છે.

# ચતુર્વિં શંતિ-જિન-નમસ્કાર

'સકલાર્હત્' સ્તોત્ર (ચૈત્ય વંદન). ભાવગીત.

**ભાવગીત :-**

(અનુષ્ટુપ)

○ સૌ અરિહંતમાં શોભે, આવાસ જે શિવશ્રીનું,
પ્રભુત્વ છે ત્રણે લોકે, અર્હદ્-ભાવ ઉપાસું હું... ૧.
○ નામાકૃતિ - દ્રવ્યભાવે વિશ્વને પાવન કરે,
સર્વક્ષેત્રો સદાકાળે ઉપાસુ અરિહંતને... ૨.
○ આદ્ય પૃથ્વી તણા નાથ આદ્ય ત્યાગી પરિગ્રહે,
તીર્થનાથ વળી આદ્ય **ઋષભ** સ્વામિને નમું... ૩.
○ વંદુ **અજિત** સ્વામિને વિશ્વકમલ ભાસ્કર,
શુદ્ધ કૈવલ્ય આદર્શે પ્રતિબિંબિત્ થયું જગત્... ૪.
○ ભવિજન શા બગીચાને નીંક શી નિત્ય સિંચતી,
જય પામો સદા વિશ્વે **સંભવ**-પ્રભુ દેશના... ૫.
○ ઉલ્લસે સિન્ધુ સ્યાદ્વાદ ચંદ્ર શા પ્રભુ આપથી,
આપો અપૂર્વ આનંદ સ્વામિ શ્રી **અભિનંદન**... ૬.
○ વંદતા દેવના તાજે દીપતી પદ-અંગુલી,
ભગવાન્ **સુમતિ** સૌની અભિલાષા પૂરી કરો... ૭.
○ ક્રોધાદિ શત્રુઓ હણતાં ક્રોધે રક્ત થયા પ્રભુ,
એવા **પદ્મ-પ્રભુ** સૌની આત્મલક્ષ્મી વધારજો... ૮.
○ શ્રી **સુપાર્શ્વ**-પ્રભુ વંદુ, પૂજાયેલા મહેન્દ્રથી,
ચતુર્વિધ-સંઘ-આકાશે શોભતા સૂર્યશા પ્રભુ... ૯.

o ચંદ્રકિરણ શી શ્વેત શુકલ ધ્યાને પૂરી ઘડી,
શુકલ મૂર્તિ પ્રભુ **ચંદ્ર** આત્મલક્ષ્મી વધારજો... ૧૦.
o કૈવલ્યે વિશ્વને જાણે સ્પષ્ટ જ્યું હાથ આંબળું,
અચિંત્ય મહિમાવંત **સુવિધિ** બોધી આપજો... ૧૧.
o જેના સ્યાદ્વાદ ઉપદેશે આનંદે પ્રાણીઓ ખીલે,
એવા **શીતલ**-સ્વામિ કરો રક્ષા સહૂ તણી... ૧૨.
o ભવ રોગે પીડિતોને રાજવૈદ્ય સમા પ્રભુ,
સ્વામિ શિવ-વધુ કેરા **શ્રેયાંસ**-પ્રભુ સિદ્ધિ દો... ૧૩.
o તીર્થંકર કર્મ બાંધીને વિશ્વને ઉપકારતા,
સુરાસુરનરે પૂજ્યા. **વાસુપૂજ્ય** ઉજાળજો... ૧૪.
o **વિમલ** સ્વામીની વાણી જય પામો જગ ત્રયે
લોક-ચિત્તો કરે ચોકખાં 'નિર્મલી' જલ જ્યું કરે... ૧૫.
o કરે સ્પર્ધા સ્વયંભૂની કરૂણારસ પાણીથી,
એવા **અનંત-જિન** આપો અનંત સુખ સર્વને... ૧૬.
o મનો વાંચ્છા પૂરે સૌની, કલ્પવૃક્ષ સમા પ્રભુ,
ચતુર્વિધ-ધર્મ દેનારા ઉપાસું **ધર્મનાથ**ને... ૧૭.
o ધર્મોપદેશના તેજે દીશાઓ અજવાળતા,
**શાંતિનાથ**-પ્રભુ, મારા આત્માને અજવાળજો... ૧૮.
o સુરાસુર-મનુષ્યોના અનન્ય **નાથ-કુંથુ** હે !
વિશિષ્ટ ઋદ્ધિના સ્વામિ અમને આત્મશાંતિ દો... ૧૯.
o **અરનાથ** પ્રભુ ! સૂર્ય, ચોથા આરારૂપી નભે,
ચોથા પુરૂષાર્થની સિદ્ધિ આપજો મુક્તિ સર્વને... ૨૦.
o સુરાસુર-નરેન્દ્રો શા નવમેઘે, મયૂર શા,
કર્મોચ્છેદને હસ્તિ **મલ્લીનાથ** સ્તવું સદા... ૨૧.

○ મહા મોહરૂપી નિદ્રા ઉડાડે જગ જીવની,
**મુનિસુવ્રત** સ્વામિનાં વચનામમૃત તે સ્તવું... ૨૨.
○ **નેમીનાથ** પ્રભુશ્રીના પગના નખકીરણો,
નમેલાને કરે નિર્મલ, તે રક્ષો સર્વને સદા... ૨૩.
○ યાદવ વંશમાં ચંદ્ર, અગ્નિ કર્મરૂપી વને.
**નેમનાથ**-પ્રભુ એવા અરિષ્ટો સહૂના હરો... ૨૪.
○ ઉપસર્ગો કર્યા કમઠે, પૂજના ધરણી ધરે,
સમદૃષ્ટિ **પ્રભુપાર્શ્વ**, કરો કલ્યાણ સર્વનું... ૨૫.
○ વંદુ **પ્રભુમહાવીર** અદ્‌ભુત શક્તિના ધણી,
રાજહંસ સમા શોભે નિજાનંદ સરોવરે... ૨૬.
○ અપરાધી ઊભો સામે તો ય આંખે અમી ઝરે,
જય પામો દયાભીનાં શ્રી **વીરજિન** નેત્ર બે... ૨૭.
○ સર્વ તેજસ્વી વિજેતા, સેવા સુરાસુધીશે,
નિર્મળ, નિર્ભય શ્રીમાન્ શિરતાજ **મહાવીર**... ૨૮.

(શાર્દૂલ વિક્રીક્તિ)

○ પૂજાયા **વીર** દેવ-દાનવ થકી, વીરને ભજે પંડિતો,
**વેરી** કર્મ બધાં હણી દૂર કર્યાં તે **વીર**ને સૌ નમો;
રૂડું તીર્થ પ્રવર્ત્યું **વીરપ્રભુથી, વીર**નાં તપો આકરાં,
**વીરે** ધૈર્ય શ્રીકીર્તિ-કાંતિ વસતાં, કલ્યાણદા ! હે વીર !... ૨૯.

(માલિની)

○ અવનિ પર રહેલાં સાશ્વતાશાશ્વતાં કે,
ભવનપતિ ભવનોમાં. દિવ્ય-વૈમાનિકોમાં,
અહીં મનુજ કરેલાં દેવરાજે પૂજેલાં,
જિનવર ભવનોને ભાવથી હું નમું છું... ૩૦.

(અનુષ્ટુપ)

સર્વ જ્ઞાતા મહી, શ્રેષ્ઠ પ્રથમ પરમેષ્ઠિમાં,
દેવાધિદેવ સર્વજ્ઞો ઉપાસું છું. મહાવીર... ૩૧.

(શાર્દૂલ વિક્રીડિત)

અગ્નિશા પ્રભુ તીવ્ર પાપ-દહને ભેગાં કર્યાં બહૂ ભવે,
શોભો મુક્તિ-વધુ વિશાલ હૃદયે મુક્તામણિ હાર શા,
ને અષ્ટાદશ દોષ હસ્તિ સમૂહે, છો કેશરી સિંહશા;
એવા શ્રી વીતરાગ વાંછિત ફળો આપો સદા ભવ્યને... ૩૨
જે અષ્ટાપદ પર્વતે, ગજપદે, સમ્મેતશિખરે વસ્યા,
શોભન્તે ગિરનાર, સિદ્ધમહિમા, શત્રુંજયે, મંડપે,
વૈભારે, કનકાચલે વળી ગિરિ આબુ ચિત્તોડે વસ્યા,
જે છે શ્રીઋષભાદિ સૌ જિનવરો કલ્યાણ સૌનું કરો... ૩૩.
કુર્વન્તુ વો મંગલમ્...

આંતર શત્રુઓને જીતનાર, અરિહંત પરમાત્માનું સુંદર ઉપમાઓવાળું આ ઉત્તમ પ્રકારનું સ્તુતિ-કાવ્ય છે.

આ સ્તોત્રમાં ચોવીસ ભગવાનની સ્તુતિના-ગુણગાનના સુંદર શ્લોક છે. પ્રત્યેક શ્લોક તે તે પ્રતિમા સામે બોલતાં પ્રસન્નતા આવશે.

ફરી ફરીને ગાઓ અને અર્થનું ચિંતવન કરો.

# પ્રભુ ! આવી જજો !

(તોટક)

૦ મુજ સાદ સુણી પ્રભુ ! આવી જજે !
મમ હ્રદય-દીપક પ્રગટાવી જજે !
ઘન ઘોર મચે નહિ માર્ગ સૂઝે
તવ વિજલડી ચમકાવી જજે -- ! ૧

૦ કદી જીવનયુદ્ધ વિષે અટકે
મમ આ રથ સારથી તું બનજે !
કદી અંતર દ્વાર અતી ખખડે
જરી સમતાનું તેલ પૂરી તું જજે ! ૨

૦ ભવ સાગરમાં નવી નાવ ચલે
પ્રભુ ! વાયુ બની સઢ પૂરી જજે !
પ્રગટે હ્રદયાનલ ભીષણ જો !
પ્રભુ ! 'શાંતિ' તણા ગીત ગાઈ જજે ૩

---

પૂ. પ્રભુદાસભાઈ પછી રાધનપુરમાં મારી તબિયત બગડી. વિદ્યાભુવનનું સંચાલન કાર્ય છોડી દવા અને હવા ખાવા પાટણ આવ્યો. મારા જીવનના એક બીજા ઘડવૈયા મુ. શ્રી ફુલચંદભાઈ જૈન બોર્ડિંગમાં ગૃહપતિ હતા તેમની સહૃદયતાથી તેમની સાથે બાલાશ્રમના ગૃહપતિ તરીકે જોડાયા. પણ પ્રભુદાસની છત્રછાયા અને જીવનદૃષ્ટિ કેમ છૂટે ? તે દિવસોમાં રચાયેલ આ એક શ્લેષ કાવ્ય છે.
પ્રભુ -૧ પરમાત્મા ૨. પ્રભુદાસભાઈ.

# જગનાટક !

○ એક દિવસ જગ નાટક શાળે નાટક નવલું દીઠું.
રંગીન દીવડા-પડદા વચ્ચે વાદકવૃંદ બહુ મીઠું. ૧

○ તબલાં તાલે ઢોલક વાગે. સીતાર શરણાઈ બાજે,
નવાં નવાં નૃત્યે મન હરતો નૃત્યકાર ત્યાં નાચે. ૨

○ આંખો નાચે, મસ્તક નાચે, દીલ લોકનાં નાચે,
પ્રેક્ષક તાલ પુરાવે પગથી, ઠમક ઠમક થૈ નાચે. ૩

○ વાદ્યો નાચે વાદક નાચે, પડદા-દીવડા નાચે,
તાલ સૂર ને નૃત્ય તણી ત્યાં પુરી જમાવટ જામે. ૪

○ કલાકારને સૌ સત્કારે, ફૂલહાર પહેરાવે;
વાહ વાહના પૂકાર વચ્ચે, મોતીડે વધાવે. ૫

○ ત્યાં તો કમનસીબી ઉતરી ! જે દેખી દીલ દાઝે,
સસ્તી કીર્તિ રળવા કાજે કાંગલાં સ્ટેજ પર નાચે. ૬


○ તબલાં છોડી તબલચી નાચે, બબરચી-ભીસ્તી નાચે,
સીતાર ફેંકી સીતારવાળો, શરણાઈવાળો નાચે. ૭


○ એંઠની ઝૂંટાઝૂંટ મચી ત્યાં એક બીજાને પાડે,
સ્વાર્થ તણીએ ખેંચાખેંચી સુંદર નૃત્ય બગાડે. ૮


○ નિષ્કામી થઈ સ્વધર્મ પાળે, સાથ બીજાને આપે.
સાચી શાંતિ-સુખ-સમૃદ્ધિ લોક બધાં બહુ પામે. ૯

# સુવાસ

ના કો જાણે જગતઘરમાં આવશે કોણ ક્યારે ?!
કે ના જાણે શ્રમ વિસરવા થોભશે ક્યાં સુધીએ ?!
ના જાણે કે રમતરમતાં કોણ ક્યારે જશે ક્યાં ?!
ઈચ્છે 'શાંતિ' અશરણ સહૂ તો પછી વૈર શાને ?!







પિતાજીનો ખંભો વ્હાલો માતાજીની ગોદ
જીવનમાં તો આ બંને આપે આનંદ-પ્રમોદ
સૂર્ય-ચંદ્ર છે માતા-પિતા : હોઠ રહે છે ગાતા
પહાડ જેવા પિતાજી ને ઝરણાં જેવી માતા

અજય વાડીલાલ શાહ
ડૉ. સુધીર વાડીલાલ શાહ

અ.સૌ. રશ્મિબેન મુકેશભાઈ શાહ
હિતેશ વાડીલાલ શાહ